કુમારિકા દૂષણ.

કુમારપાળની અમારિઘોષણા.

ઉત્તરાધ્યયનનું વિનય અધ્યયન.

રચનાર

પોપટલાલ દેવચંદ શાહ, રાજકોટ.

પ્રકાશક

લક્ષ્મીશંકર ભાઇજી ઓઝા,

રાજકોટ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૫૦.

સને ૧૯૧૬. સંવત ૧૯૭૨.

મૂલ્ય બે આના.

મારિકા કૃષ્ણા.

પ્રકરણ ૧ લું.*

૧ કૃષ્ણ કુમાર.

ષ્ણ, કુમાર ! કૃષ્ણ કુમાર ! કેમ તારો પત્ર નથી ! શું તને
ભારૂં છું ? શું તું તો મને એટલી થોડી મુદ્દતમાંજ વીસરી
? હા ! સંસાર ! વિચિત્ર જગત્ ! માયાવી જગત્ ! તને
રણ્યમાં એકાંત વાસ શોધવાને ઋષિ મુનિઓ અમથા
હ હોય ?

ક પંડિત કૃષ્ણકુમારને યાદ કરતો કરતો ને ઉપર મુજબ
કતો પ્રાતઃકાળમાં પથારીમાંથી ઉઠયો, આંખો ચોળતો
મેડેથી નીચે ઉતર્યો. નીચલા ઓરડામાં પંડિતની ધર્મ પત્ની
ી. તેણે પંડિતનો આ બધો બકબકાટ સાંભળ્યો હતો,
બોલી ઉઠી કે પ્રાણનાથ ! કૃષ્ણકુમાર કોણ છે ? અને
પ્રાતઃકાળમાં તમે આમ કેમ બોલ્યાં કરોછો ? કૃષ્ણકુમારને
છો તે કરતાં કૃષ્ણને યાદ કરોની કે જેથી આત્માનું
થાય.

પંડિતે પ્રાણેશ્વરીનાં મધુર અને પવિત્ર વાકયો સાંભળી ઉત્તર
કે હૃદયેશ્વરી ! કૃષ્ણકુમાર કોણ છે એ તને હું યોગ્ય પ્રસંગે
ાર જણાવીશ.

કૃષ્ણ પરમાત્માના સ્મરણને માટે પણ એ કૃષ્ણકુમાર અથવા કુમારકૃષ્ણ—બાલકૃષ્ણ એમ શા નથી, એટલું કહી પંડિતજી પ્રાતઃકાળની શારીરિ . કયા સાવધાન થયા ને નિત્ય નિયમથી પરવારી પાછા મેડે ગય ા. કે વિચાર કરે છે કે શું કૃષ્ણકુમાર કેદખાનામાં પડયો હશે " શરીર બગડયું હશે ? શું તેને પત્રો નહિ પહોંચતા હોય હિંદ ભૂમિ તજી કોઇ બીજી ભૂમિમાં પ્રયાણ કર્યું હશે ? તેવું તો કશું બનવાનો સંભવ નથી. માત્ર તે મને વિસ માગે છે. ઠીક, કૃષ્ણકુમાર ! ભલે તું મને વિસરી જજો. વિસરી જા, એ જોવાને હું ઘણોજ રાજી છું. એથી આ ગ સંસારમાંની મોહ દશા ઓછી થશે. એથી આ પ્રાપચિ બંધન શિથિલ થશે. ભલે, ભાઇ તું જરૂર મને ભુલી ત મને ભૂલી ગયો છે, એમ દીર્ઘકાળ પર્યંત મને જણાશે હું પણ તને ભૂલી જવાનો યત્ન કરીશ. તું અને હું એ ભૂલી જઇ એકાત્મ ભાવથી આ જગતમાં વિચરવાની જે છે તે તેથી પાર પડશે.

ચંદ્ર અને ચકોરની પ્રીતિ શા કામની છે ? ચંદ્રને ચાહે છે અને તેના તરફના ભક્તિભાવથી-પ્રેમ ભાવથી તે શરીરને અપાર કલેશ આપે છે; અરે ! અંગારા (અગ્નિ) પણ તેના એ પ્રેમભાવને ચંદ્રે કદી પણ લક્ષમાં લીધો છે પણ શું કૃષ્ણકુમાર મારો ચંદ્ર છે ? એમ તર્કવિતર્ક કરે છે, "જગતબંધુ" નામે એક વર્તમાનપત્રનો ભૂત-દૂત પંડિતજીના એ દાખલ થયો. તેણે આવીને કહ્યું કે પંડિતજી આપે ગઇ પ્રાતઃકાળમાં સૂર્યોદય ન થઇ જાય તેની ઉતાવળ રાખીને.

મુહૂર્ત હશે તેથી તે સાચવીને જે ઉમદા ભાષણ આપ્યું હતું તેનાં વખાણ તમારા શિષ્યો બહુ કરે છે. તો તેની નકલ મને આપો. તે "જગતબંધુ" પત્રમાં પ્રગટ થતાં આખા જગતમાં આપનું નામ પ્રકાશિત થશે.

પંડિતજી છાપખાનાના ભૂતને ઓળખતા હતા, તેને તેનું કહેલું મશ્કરીરૂપ જણાયું તોપણ મોઢું ડાવકું રાખી બોલ્યા કે ભાઇ, આપે જે મારાં વખાણ કર્યાં છે તે આપને પોતાનેજ મુબારક હો ! હું પામર માણસને માટે એવાં વખાણ ન ઘટે, મેં ભાષણ મોઢેથી આપ્યું હતું તેથી મારી પાસે નકલ નથી. એમ કહી પંડિતજીએ પીડા પતાવવા માંડી પણ છાપખાનાના ભૂત એમ ક્યાં કાચા હોય છે ? તેણે કહ્યું કે ત્યારે મહેરબાની કરી આપના ભાષણના થોડા મુદ્દા ઉતરાવો કે જેથી તે પરથી અમને ઠીક લાગશે તેમ લખી કાઢીશું. આપ નહિ બોલ્યા હો એવું અને વાંચીને આશ્ચર્ય પામશો એવું એવું અમને ક્યાં લખતાં નથી આવડતું ? પંડિતજીએ કહ્યું કે ના ભાઇ ! એવું કરશોમાં. છાપખાનાના ભૂતે કહ્યું કે આપ ભાષણના મુદ્દા તો આપો પછી થઇ રહેશે. આપની પણ વાત રાખીશું.

પંડિતે જે કાંઇ મુદ્દા યાદ હતા તે લખાવ્યા.

૧ પ્રભુનો ઉપકાર માનો કે તમારૂં કામ ફતેહમંદીથી પુરૂં થયુંછે.

૨ શું ભૂલી જવું ને શું ન ભૂલી જવું તે હમેશાં ધ્યાનમાં રાખો.

૩ વફાદાર રહેવું. (જેણે ઉપકાર કર્યા છે તેના તરફ પૂજ્ય બુદ્ધિ રાખવી.) કૃતજ્ઞ થવું.

૪ કર્તવ્ય પરાયણ થવું.

૫ પરસ્પર ભાઇચારાથી મદદ કરી સાથે કામ કરવાની વૃત્તિ રાખવી.

૬ પારકાનું ભલું કરવાનો જુસ્સો રાખવો, ને તે ઉમંગને વર્તનમાં મુકવો.

૭ ઇર્ષ્યાનો અવગુણ કાઢી નાંખજો.

૮ બાકીની જીંદગીમાં મળો ત્યારે તમારે માટે માન ઉત્પન્ન થાય એવું હોય તો જરૂર મળજો.

૯ ગૃહદેવ થવાનો જોગ આવે ત્યારે પવિત્ર અને સત્યતાથી ગૃહદેવ થજો.

૧૦ એક કુટુંબી તરીકે આ ગુરૂકુળમાં તમે અને અમે નિવાસ કર્યો હતો, એવું તમને અમને સદાય સુખદાયક સ્મરણ રહો.

૧૧ પ્રભુ સૌનું કલ્યાણ કરો.

આ ૧૧ મુદ્દા છાપખાનાના ભૂતે ઉતારી લીધા પણ એ ભાષણ પૂરું થતાં, કૃષ્ણકુમાર પંડિતજીનો ઉપકાર માનવા ઉભા થયા હતા એ વાત લખાવવાનું પંડિતજી ભૂલી ગયા. બીજે દિવસે "જગતબંધુ" પત્રમાં પંડિતજીનું ભાષણ પ્રગટ થયું. પહેલાજ મુદ્દામાં છપાયું હતું કે "પ્રભુનો ઉપકાર માનો કે આ પ્રાતઃકાળમાં તમારૂં મારૂં ઉંઘ લેવાનું કામ ફતેહમંદીથી પૂર્ણ થયું છે." આવો છબરડો દરેક મુદ્દામાં વાળ્યો હતો. પંડિતજી આ બધું વાંચી પેટ ભરી હસ્યા, ને તેટલીવાર કૃષ્ણકુમારને પણ વીસરી ગયા.

૨ નાત અને નિરાશા.

કૃષ્ણકુમાર પંડિતજી સાથે મિત્રતામાં જોડાતો જતો હતો પણ કેટલાક પ્રસંગો એવા બન્યા કે પંડિતજીના ડગુમગુ વિચાર માટે અને પંડિતજીની પત્નીના તો તદન જુના ને વહેમી વિચાર માટે તેને

ધિક્કાર છુટયો હતો અને તેથી વાદેવાદે जायते तत्व बोध: ને બદલે ક્લેશ વધી ગયો હતો. બંને એકબીજાથી રીસાયા હતા. પ્રથમ તો મિત્રતાના સંબંધમાં મોટી મોટી વાતો કરતા હતા. પણ તે બધું નવા જુના વિચારના વાદવિવાદથી ભુંસાઇ ગયું હતું.

शोकाराति भयत्राणं, प्रीतिविश्रम्भ भाजनम्

केन रत्नं मिदं सृष्टं, मित्र मित्यक्षर द्वयं.

શોકને હણનાર, ભયથી રક્ષણ કરનાર, પ્રીતિ અને વિશ્રામનું સ્થાન એવો રત્ન જેવો માપેલા માત્ર બેજ અક્ષરનો આ મિત્ર શબ્દ કોણે રચ્યો હશે ?

આવા મિત્રપણાને બદલે વારંવારના આગમનનું પરિણામ ધિક્કારમાં આવ્યું.

अति परिचया दवज्ञा, संतत गमना दनादरो भवति;

मलये भील पुरंघ्री, चंदन तरु काष्ट मिंधनं कुरुते.

મલય પર્વતમાં રહેતી ભીલડીઓ ચંદનના ઝાડને બળતણ તરીકે વાપરે છે, તેની પેઠેજ અતિ પરિચયથી અવજ્ઞા અને વારંવાર જવાથી અનાદર ઉત્પન્ન થાય છે.

ઉપલો શ્લોક આ બંનેની મિત્રતાનો જવાબ આપે છે.

કૃષ્ણકુમાર વિદ્વાન હતો, ભણેલો ગણેલો હતો. કુમારિકા કૃષ્ણાનો પરમ પરિચિતને પ્રીતિપાત્ર હતો. વિવેકી ને વિનયી હતો, વિદ્યાનો વ્યસની હતો અને તેથીજ પંડિતની સાથે તેને પ્રેમ થયો હતો. તે કઇ જાતનો હતો તે પ્રથમ જાણવામાં નહોતું ને પાછળથી પણ ખરેખરૂં તો જાણવામાં આવ્યું નહોતું. તેનું વર્તન ગોવેનીઝ જેવું આહેબશાહી હતુ. તે પંડિતજીને ત્યાં આવતો જતો. પંડિતજી તેને ત્યાં આવતા જતા.

એક વખત યુરોપના ઇટાલી દેશમાંથી આવેલા એક સાહેબ હિંદુનું ઘર જોવા જવાનું કૃષ્ણકુમારને કહેતા હતા. કૃષ્ણકુમાર તેને પંડિતજીને ઘેર તેડી ગયો. પંડિતજીએ તે સાહેબનો સારો સત્કાર કર્યો અને આખા ઘરમાં તેને ફેરવી બધું બતાવ્યું. રસોડું પણ બતાવવાની ઇચ્છા હતી પણ પંડિતાણી તેમાં વચ્ચે આવ્યાં ને બધાની રૂબરૂ પંડિતનું અપમાન કર્યું. સાહેબને વળાવી આવી પંડિત તથા કૃષ્ણકુમાર પાછા આવ્યાં ત્યાં તો પંડિતાણી ગાયનું છાણુ એકઠું કરી ઘર લીંપવા લાગ્યા. કેમકે પંડિતાણીએ માન્યું કે મારૂં ઘર આજે અપવિત્ર થયું. કૃષ્ણકુમારને ભટાણીની આ રીત અપમાનકારક લાગી અને તેથી તેનાથી બોલાઇ ગયું કે હું કોણ છું તેની તમને ખબર પડશે તો તમે કેટલીવાર તમારૂં ઘર લીંપી ગુંપી પવિત્ર કરશો ?

કૃષ્ણકુમારનું બીજું નામ ગોપાલ હતું અને તેથી તેને ગોપાલ તરીકે પંડીતજીના ઘરમાં તેમજ બીજે ઘણે ઠેકાણે ઓળખવામાં આવતો.

કૃષ્ણકુમારની ઉપરની વાતપરથી ભટાણીને શક પડયો કે કૃષ્ણકુમાર હિંદુ નથી. નાત જાત સંબંધી ભટાણી અને પંડિતજીના વિચારોમાં ઘણો ફરક હતો. પંડિતજી એમ માનતા હતા કે બ્રાહ્મણ ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણ બસ છે. ભટાણી એમ માનતા હતા કે બ્રાહ્મણની ૮૪ નાત છે તેની ૮૪૦ નાત થવાની જરૂર છે; તે વગર ખરી પવિત્રતા જાળવી શકાય તેમ નથી. છેલ્લે પંડિતજીએ એટલો તો નિશ્ચય પોતાના શિષ્ય મંડળમાં જણાવી દીધો હતો કે જ્યાં રોટી વહેવાર હોય ત્યાં બેટી વહેવાર રાખવામાં વાંધો નથી.

કૃષ્ણકુમારે પંડિતજીને કહ્યું કે તમારા હિંદુ સંસારમાં તો સ્ત્રી કરતાં પુરૂષનું વિશેષ ચલણ હોય છે તો તારી સ્ત્રી આવી રીતે અમને અપવિત્ર માનતી રહે તે ઠીક નહિ. અભણ, વહેમી ને અંધ

શ્રદ્ધાળુ ભટાણીજી ભટજીનું કંઇ માનતા નહોતા એટલુંજ નહિ પણ જેમ જેમ કૃષ્ણકુમારનો પરિચય વધતો ગયો તેમ તેમ ભટાણીએ તો પોતાની ઠાકોરજીની પૂજાની ઓરડીમાં પણ કૃષ્ણકુમારના મિત્ર એટલે પંડિતજીને આવવાની બંધી કરવા માંડી.

એકવાર પંડિતજીને અંત્યજ શાળાની પરીક્ષા લેવા માટે એક દેશી રાજા તરફથી માસિક ૧૫૦) ના પગારથી ઇન્સ્પેકટર નીમવામાં આવ્યા, કૃષ્ણકુમારે એ જગ્યા સ્વીકારી સ્વાર્થ સાથે પરમાર્થ સાધવા પંડિતજીને સલાહ આપી. ગૌતમ બુધ્ધે, લોર્ડ મહાવીરે, પંઢરપુરવાળા વિઠોબાએ, લોર્ડ ક્રાઇસ્ટે વગેરે મહાત્માએ સર્વ જીવોને સરખા ગણી સર્વનો ઉદ્ધાર કરવા અને ખાસ કરીને નીચી જાતને ઉંચી લાવવા કરેલા પ્રયત્ન વિષે વાત કરી સમજાવ્યા. પંડિતજીએ એ જગ્યા સ્વીકારી.

પંડિતજી એ અંત્યજ શાળામાં જતા પણ ત્યાં પહેરેલ કપડાં બુટ વગેરે પોતાના ઘરની બહાર રાખેલી એક ઓરડીમાં ઉતારી નળ નીચે નાહી ઘરમાં આવતા. અંત્યજ હિંદુ હોય છે છતાં પંડીતજી તેમ કરતા. પણ એજ અંત્યજ વર્ગમાંના જેઓ મુસલમાન કે ખ્રીસ્તી કે આર્યસમાજી થઇ જતા તેને પંડિતજી અડકતા. એટલુંજ નહિં પણ તેમાંના વિદ્યાવિલાસી કે અમલદાર વર્ગના તેવા માણસોને ઘેર તેડી જવામાં કશો આંચકો ખાતા નહિ. આ પણ નાત જાતના બંધારણની બલિહારી નહિ તો બીજું શું ?

પંડિતજી અંત્યજશાળાના ઇન્સ્પેકટર થયાની વાત વિશાળ હૃદયના વિદ્યાવિલાસી નાતીલાએ જાણી જાપરૂં કર્યું; પણ અદેખા ને સાંકડા હૃદયના નવરા અને ઇર્ષાખોર નાતીલાએ ભારે કોલાહલ કરી મુકયો. તેમણે નાતની સભા મેળવી, પંડિતજીને જવાબ દેવા

બોલાવ્યા, પંડીતજીએ પ્રાચીન કાળના તથા ધર્મગુરૂઓના કેટલાક દાખલાઓ આપી પોતે એક પરોપકારનું કામ કરે છે એવું ઠરાવવાની બહુ મહેનત કરી. કૃષ્ણકુમાર પણ પંડિતજીની મદદમાં બોલવા ઉભો થયો. પણ સાંકડી વૃત્તિવાળા નાતીલાએ તેને બોલવા તો ન દીધો પણ સભામાંથી કાઢી મુકયો. આ વખતે પંડિતજી કાંઇ પણ બોલ્યા નહિ તેથી કૃષ્ણકુમારને બહુ ખોટું લાગ્યું.

સાંકડી વૃત્તિવાળા એક નાતીલાએ ઉભા થઇ કહ્યું કે પંડિતજીએ જે ખુલાસો કર્યો તે આપણે સાંભળ્યો પણ આપણે તો આપણા વડવાઓએ જે આચારો નક્કી કર્યા છે તે પાળવાજ જોઇએ. તેના કરતાં આપણે ડાહ્યા નથી. આપણી પવિત્રતાને લીધેજ આ સૂર્ય ચંદ્ર ફરે છે માટે આપણે આપણી પવિત્રતા જાળવવીજ જોઇએ, નહિતર જગતમાંથી ધર્મનો નાશ થશે ને સૂર્ય ચંદ્ર આથમી જતાં અંધારૂંઘોર થઇ જશે. હમણા અંત્યજ વર્ગની નાતના ૨૫ માણસો હિંદુ વિરૂદ્ધ ધર્મમાં દાખલ થયા તો એ ૨૫ ને પણ અંત્યજ વર્ગની નાતે નાત બહાર મુકયા; એ વર્ગમાં પણ નાતનું બંધન સખ્ત છે; તો પછી આપણા જેવી પવિત્ર ને સ્વર્ગમાંથીજ જન્મીને આવેલી પવિત્ર નાતનું બંધારણ તો સખ્ત હોવુંજ જોઇએ.

પંડિતજીએ જવાબ આપ્યો કે, ૨૫ જણને અંત્યજ વર્ગે નાત બહાર મુકયા તેનો અર્થ શો ? એ વર્ગજ ૨૫ જણને મન અને ૨૫ જણની સાથે સંસર્ગ રાખનારાને મન નાત બહારોને અસ્પશ્યં છે. હું નાતજાતના બંધનનો અસ્વીકાર કરતો નથી પણ જમાના પ્રમાણે તેમાં સુધારો થતો રહેવો જોઇએજ. એ વર્ગની નિશાળો તપાસવામાં હું કોઇ પણ અનીતિને માર્ગે જતો નથી. મહા અનીત કરનારાઓ કેટલાક નાતમાં આનંદ મંગળ કરે છે. તો નીતિના પંથે

ચાલનારને નાતે હેરાન કરવો ન જોઇએ. વળી હું ત્યાં પહેરેલાં કપડાં કાઢી નાંખી નાહી ધોઇ પવિત્ર થઈ પછીજ મારા ઘરમાં દાખલ થાઉં છું. ત્યાં પાણી પીતો નથી કે પાન પણ ખાતો નથી.

પંડિતજીએ ઘણી દલીલો કરી પણ નાતે તેને નાત બહાર મુક્યો. તે દાઢી મુછો મુંડાવી ગંગાજીની યાત્રા કરી નાતને જમણ આપે ત્યારે નાતમાં આવે. આવો ઠરાવ કરવામાં નાતે પંડિતજી જેવા પૂજ્ય અને પ્રતિષ્ઠિત માણસને નાતમાંથી ખોવા જેવું કર્યું, અને જો પંડિતજી નાતનો આ ઠરાવ સ્વીકારે તો નોકરી છોડવી પડે ને પાયમાલ થઇ જાય, બચરવાળ કુટુંબના પંડિતજીની સ્થિતિ ભારે કફોડી થઇ પડી.

પંડિતજી ઘેર ગયા ત્યાં બટાણીએ તેમને ઉધડા લીધા. કૃષ્ણકુમારને ત્યાં પંડિતજી શાંતિ અર્થે ગયા તો તેણે પણ ઉધડા લીધા પણ અંતે ત્યાં પંડિતજીને કંઇક શાંતિ વળી. પંડિતજીને અને કૃષ્ણકુમારને ધર્મ સંબંધી ઘણી ચર્ચા થઇ. જાતિથી બ્રાહ્મણ જાણવા કે કર્મથી બ્રાહ્મણ જાણવા એ સંબંધી પણ ખુબ ચર્ચા થઇ. કૃષ્ણકુમારે પંડિતજીને સમજાવવાની કોશિશ કરી કે તમે અમારા પંથમાં–ધર્મમાં દાખલ થાઓ, હું મારા ગુરૂજી પાસે તેડી જાઉં ને તમને ખરો ધર્મ પમાડી અમારા ધર્મમાં ઉંચી પાયરી " સર્વોત્તમ સાક્ષર મણિ " ની પદવી અપાવું. ધર્મની વાત આવી ત્યાં પંડિતજી બહુ ઉશ્કેરાઇ ગયા ને તે વખતે જે વાદવિવાદ થયો તેમાં પંડિતજી અને કૃષ્ણકુમારની મૈત્રી તુટી.

પંડિતજી ઘેર આવ્યા, માર્ગમાં વિચાર કર્યો કે બેકદર ને અંધ સ્વાર્થ પરાયણ નાતમાં રહેવા કરતાં વિદ્યાવિલાસી અને કદરદાન કૃષ્ણકુમારની નાતમાં દાખલ થાઉં તો શું ખોટું ?

૩ કીસ્ટા કે કુમારિકા કૃષ્ણા.

પંડિતજી આરામ ખુરશીપર પડયા પડયા કવિતા સંગ્રહનું એક નાનું પુસ્તક વાંચતા હતા. પાનાં ફેરવતાં ફેરવતાં પોતાની એક જુની કવિતા તેમાં છપાયેલી જોઇ. "દિવામાં પડી તેમાં બળી મરતું પતંગીઉં" એ કવિતાનું નામ હતુ. પંડિતજીએ એ કવિતા વાંચવા માંડી.

તોટક.

દીપમાં પડતોજ પતંગ દીઠો, "નહિ ખો તુજ જીવ પતંગ મીઠો."
પડતાં દીપ અગ્નિ વિષે મરતો, મરતાં પણ પ્રેમ તને મળતો ?
પરવા નહિ દીપ ધરે જરીએ. પછી કેમ પતંગ કહે મરીએ;
દુખી હું પણ તુંજ સમો થઇને, સુ અનુભવ એજ કરી લઇને.
કહું છું બળીને મરમાં કીટ હે ! થઇ અંધ નહિ પડ ફંદ વિષે;
કંઇ મેંજ પતંગ દીઠા મરતાં, પણ દીપ ન એક દીઠો મરતા.
થઇ મોહ વશે મરતા જીવ જે, મુરખાઇ થકી પડી ફંદ વિષે;
પણ જોઇ પતંગ દશા મુરખો, ન કરો તન ને મનનો કંઈ ખો.
જુઠી આ જગ જાણ દુઃખી પરખો, પડી મોહ વશે કદી ના હરખો;
તન બાળ નહિ હે પતંગ કહું, તુજથી કંઇ શીખ ફરે હું લહું.
શીખ દીધ કર્યો ઉપકાર ખરે, ઋણ ચુકવવા કહું ના તું મરે;
નથી આ જગમાં સગું સ્વાર્થ વિના, નથી આ જગમાં પ્રીતિ પાત્ર બિના.
નથી આ જગમાંહિ વફાઇ કંઇ, ક્રૂરતા ધીટતાજ છવાઇ રહી;
દીપ કૃષ્ણકુમાર ગણી ભજજે, જીવ તું ઘડી પતંગજ ત્યાં બનજે.

આ કવિતા વાંચી-જુની ઘણા વરસપર લખાએલી પોતાની બનાવેલી કવિતા વાંચી તેને ઘણો આનંદ થયો. પોતે કોઇ દીપ કે દીપિકામાં પડી બળી મરનરો પતંગ બન્યો નથી, એ જાણી તેણે પ્રભુનો પાડ માન્યો, ને હાથ જોડી પ્રભુ પાસે માગ્યું કે હવે પછી

પણ મને મોહ દીપકમાં પડી મરવા દઇશમાં.

આમ વિચાર કરે છે, તેવામાં તેને સાંભર્યું કે આજે કોસ્ટા-કૃષ્ણા પોતાના વતનમાં જવાની છે, તો ચાલને જીવ ! એ બેનને મળી આવું.

વાંચનાર ! કોસ્ટા કોણ હતી તે જરા જાણી લેઇએ. કલકત્તા કોલેજમાં ઘણા વિદ્યાર્થીઓ ભણતા હતા તે કોલેજના સ્ત્રી વિભાગમાં સહુથી શ્રેષ્ઠ એક કોસ્ટા નામની શિષ્યા હતી, કોસ્ટા ભર યુવાવસ્થામાં હતી. આશરે ૨૭ વરસની વયમાં હશે, યુરોપમાં એનો જન્મ થયો ન હતો, પણ તે આ દેશમાં તેનાં યુરોપિયન માબાપના હાથમાં ઉછરી મોટી થઇ હતી. તે યુરોપિયન રૂઢી પ્રમાણે હજી અવિવાહિતા–કુમારિકા હતી. તેનો જન્મ આ દેશમાં થયો હતો, ભયંકર દુષ્ટકાળમાં તે એકલી થઇ બાલ્યાવસ્થામાં એક સાહેબના હાથમાં આવી પડી હતી. તે સાહેબ અને તેનાં મડમસાહેબ બહુ માયાળુ ને પરોપકારી હોવાથી તેને સંસ્કારી બનાવી ઉછેરી મોટી કરી હતી. કોસ્ટાનું શરીર બહુ પાતળું નહોતું તેમ બહુ જાડું નહોતું. શરીરનો બાંધો કે દેખાવ બહુ મોહક નહોતો. શરીરની ચામડી પણ બહુ યુરોપિયન યુવતીના જેવી નહોતી, તેથી ઘણીવાર તેનાં પાલક માબાપ પણ એમ અનુમાન કરતાં હતાં કે રખે આ કોસ્ટા દેશી માબાપને પેટ અવતરી હોય. પહેલાના વખતમાં તે એક યુરોપિયનને ત્યાં રહેતી, ને તેને પોતાના પિતા તરીકે ઓળખાવતી; તે પિતા પણ કદાચ કોસ્ટાનો પાલક પિતા હોય એમ તેના સ્વભાવના અને શરીરના બંધારણ ઉપરથી લોકો અનુમાન કરતા. એટલું તો ખરૂં કે એનું કુળ ઉંચ તુખમનું ને ખાનદાન હોવું જોઇએ, એમ તો તેનાં કેટલાંક લક્ષણો ઉપરથી જણાઇ આવતું હતું. ઉપર કહ્યું તેમ તેનું

શરીર કે તેનો બાંધો તેના તરફ દેશના યુવાનોને સારી રીતે આકર્ષે એવો નહોતો, ને યુરોપિયન મંડળમાં તેનું શરીર મનમોહક થઇ પડે તેવું નહોતું, પરંતુ તેનો માયાળુ ને ભલો સ્વભાવ, તેની ઉંચી રસવૃત્તિ, તેનો હસમુખો ચહેરો, તેનો વિનય અને સભ્યતા, વાણીની મધુરતા, અને વાતનો મર્મ સમજવાની હોશીયારી તેના પરિચયમાં આવનારને તેના ભણી ખેંચતાં હતાં.

આ નિર્દોષ કુમારિકા કૉલેજમાં પોતાના સહાધ્યાયી સાથે પોતાનો અભ્યાસ આગળ વધાર્યા કરતી હતી, તેના માસ્તરોની તેના પર પ્રીતિ હતી, ને તેની વાણીની મિઠાશ તથા વિનયને લીધે માસ્તરો તેના અભ્યાસના સંબંધમાં વિશેષ કાળજી રાખતા હતા.

બી૦ એ૦ ની પરીક્ષામાં તે આ વખતે બેઠી હતી. તેમાં તે પાસ થવાનો સંભવ તો હતોજ, પણ સ્કોલરશિપ મેળવી શકે એવે સારે નંબરે પાસ થાય તો સારૂં એવું જોવાને તેના સર્વ માસ્તરો એક પગે તૈયાર હતા, ને અંતઃકરણથી તેને માટે પ્રભુની પ્રાર્થના કરી ભલી દુવા આપતા હતા.

કેટલાક વિષયોની પરીક્ષા કલકત્તા કોલેજમાં મુખ પાઠે લેવાતી હતી. એક નવા પંડિતને એ કાર્ય વિશ્વ વિદ્યાલય તરફથી સોંપાએલું હતું. તેણે પ્રથમ વિષયના પરીક્ષાણુમાંજ નિરીક્ષણ કરી લીધું કે કીરસ્ટા એક ચાલાક, ચમરાક અને સભ્ય છોડી છે, પંડિતને કીરસ્ટા નામ બદલવાનું મન થયું, ને તેણે તો તેજ દિવસથી તેનું કૃષ્ણાકુમારી અથવા કૃષ્ણા નામ પાડયું, ને તે નામે તેને બોલાવવા લાગ્યા.

પરીક્ષક પંડિતજીએ તો કૃષ્ણાનો પરિચય વધારવા માંડયો. કૃષ્ણાના ગુણોને લીધે પંડિતજીનો પક્ષપાત પણ કૃષ્ણા તરફ વધતો

ગયો. કૃષ્ણા એ સઘળું જાણતી હતી કે કેમ તે આપણે કેમ કહી શકીએ ? તેનું હૃદય આપણે શી રીતે જોઇ શકીએ ? પણ તેની ચાલાકી જોતાં એમ તો ન કહી શકાય કે એ પક્ષપાતને તે કળી શકી નહોતી. કેટલીકવાર પંડિતજી જોઇ શકતા કે તે પંડિતજીને પણ રમાડી કામ કરી લે છે. પંડિતજી જાણતાં છતાં તે કામ કાઢી લઇ પલાયન કરી જાય તેમાં તે રાજી રહેતા. પંડિતનો સદ્‌ભાવ તેના પર વધતો ગયો. પંડિત સદ્‌ગુણી ને પ્રેમાળ હતો. તેના મનમાં કૃષ્ણા જેવી ભર યુવાન વિદ્યાર્થીના સંબંધમાં કદી પણ માઠો વિચાર આવ્યો નહોતો, પંડિતજીની નાતની એ નહોતી તેથીજ નહિ, પણ સભ્યતાના, નીતિના ધોરણ મુજબ તેઓ તેને બેન સમાન ગણતા.

કૃષ્ણા બી. એ. ના વર્ગમાં સારે નંબરે પાસ થઇ, અને પંડિતજીના વિષયોમાં તેણે સારા દોકડા મેળવેલા તેથી તેને સ્કૉલરશિપ પણ મળી, ને એમ. એ. ના વર્ગમાં તેને હવે પછી દાખલ કરવાનું પણ ઠર્યું. કૃષ્ણાના મનમાં પંડિતજીનો ઉપકાર વસ્યો હશેજ કેમકે તે નગુણી નહોતી; પણ કલકત્તા કોલેજમાં સ્ત્રી વિભાગને તદન જુદો ને એવી સ્થિતિમાં રાખવામાં આવતો હતો કે સ્ત્રીઓ વિશેષ છુટ લઇ શકે તેમ નહોતું, અને વળી સ્ત્રીઓની જાત શરમાળ હોય છે. કૃષ્ણા પણ એક સ્ત્રીજ હતી.

કલકત્તા કોલેજમાં રજા પડી, અને કૃષ્ણા પણ બીજાંની પેઠે પોતાના વતનમાં જવાની તૈયારી કરવા લાગી. પંડિતજીને મન થયું કે ચાલને આજે હું કૃષ્ણાને મળી આવું. પંડિતજી સદ્‌ગુણી, સદાચરણી અને સુનીતિમાન હોવાથી તેની શાખ સારી હતી તેથી સ્ત્રી વિભાગમાં જતાં તેને કોઇએ અટકાવ્યો નહિ. તે કૃષ્ણાનો ઓરડો શોધવા લાગ્યો, એક ઓરડાના મુખદ્વાર ઉપર ક્રીસ્ટા નામનું પા-

રીઉં વાંચી તેઓ તેમાં ધુરયા. ક્રીસ્ટાની એક સખીએ પંડિતજીનું આદરાતિથ્ય કરી કહ્યું કે ક્રીસ્ટા નહાવા બેઠાં છે, નહાઇ કપડાં બદલી હમણાં અહીં આવશે, ઉતાવળ હોય તો કહો તો ખબર આપું. પંડિતજીએ કહ્યું કે કશી ખબર આપવાની જરૂર નથી.

આજે વતન તરફ ઉપડી જવાનું હતું તેથી ક્રીસ્ટાને નહાતાં વાર લાગી. નહાઇને વસ્ત્રાલંકાર પહેરતાં પણ વાર લગાડી. કેમકે તેને ખબર નહોતી કે ઓરડાના બીજા ભાગમાં પંડિતજી બેઠા છે. બહુ વાર થવાથી તેની સખીએ પંડિતજી મળવા આવ્યાના સમાચાર આપ્યા. વસ્ત્રાલંકાર ધારણ કરી લીધાં હતાં, તેથી તે જલદી પંડિતજી પાસે આવી.

પંડિતજીએ આજે કૃષ્ણાનું સ્વરૂપ તદ્દન બદલાઇ ગએલું જોયું. સ્કોલરશિપ મેળવી સારે નંબરે પાસ થયાનો ઉમંગ, પાલક માબાપ પાસે એટલે ઘેર જવાનો ઉમંગ, તાજું સ્નાનમંજન, વસ્ત્રાલંકારનો ઠાઠ વગેરેથી આજે કૃષ્ણાકુમારી–શ્વેતકુમારી બની ગઇ હતી. આજે તે સુંદર સુંદરી બની ગઇ હતી. આજે તેની આંખ, લાલાશ મારતાં ને હસતાં હસતાં ખાડા પડતાં ગાલ વગેરેનો બહાર કંઇ ઓરજ હતો. આજે પંડિતજીને પણ મોહ પેદા થયો. પંડિતજીના મનમાં આવ્યું કે જો હું કુંવારો હોત તો જરૂર કૃષ્ણાના હાથની માગણી કરત.

પણ સબુર ! જીવ ! સબુર ! પંડિતજી સદ્દગુણી ને વિદ્વાન હતા, પળવારમાં પંડિતજીને ભાન આવ્યું કે હું શું વિચારૂં છું ! નહિ નહિ ! એ તો મારી બેન છે. પળવાર પણ પોતાને એવા વિચાર આવ્યા, ને મોહ પેદા થયો તેને માટે પંડિતજીને ભારે ખેદ થયો, દીપ અને પતંગની કવિતા યાદ આવી, ને પંડિતજી પવિત્ર વિચાર કરવા લાગ્યા. વાંચનાર ! મનુષ્ય નબળું પ્રાણી છે, મન ચંચળ છે.

સ્ત્રીઓમાં કાંઇ અજબ મોહિની છે, તેમાં પણ ભર યુવાન અવસ્થા છતાં જેઓ કુમારિકા છે, તેના મોહ પાશથી દુર રહેવું એ તેની સાથે વસનારા પુરૂષોને માટે ઘણુંજ મુસ્કેલ છે. મુસ્કેલ છતાં પ્રભુ કૃપાથી જેઓ એ કસોટીમાથી પાર ઉતરે છે તેને ધન્ય છે. એવી કસોટીમાંથી ક્ષેમકુશળ પાર ઉતરનારે પોતાની મોટાઇ એમાં માનવાની નથી. પ્રભુની કૃપાનું એ ફળ માનીને સર્વ શક્તિમાન્ સ્વયંભૂનો હંમેશાં પાડ માનવાનો છે.

પંડિતજીએ કૃષ્ણાને બેન તરીકે માની પણ એ બેનને તેના જેવો સારો–બધી રીતે લાયક વર મળશે કે નહિ ? અને એને વરવાને કયો પુરૂષ ભાગ્યશાળી થશે; તેની તેમને તે વખતેજ ચિંતા થવા લાગી. કાગડો દહીંથરૂં લઇ જાય તો ખોટું. તેનાથી નીચેનો શ્લોક બોલાઇ ગયો.

अनाघ्रातं पुष्पं किसलयमलुनं कररुहैः
अनाविद्धं रत्नं मधु नवमनास्वादित रसम्
अखंडं पुण्यानां फलमिव च तद्रूप मनघं
न जाने भोक्तारं कमिहसमुपस्थास्यति विधिः

અણસુંઘ્યું ફુલ, નખ વડે પણ નહિ ચુંટાએલી કળી, વીંધ્યા વિનાનું રત્ન; નહિ ચાખેલું નવું મધ, અખંડિત પુણ્યોનું ફળ, એવી આ કન્યાને ભોગવવા કયા ભોગવનારને પ્રભુ મોકલશે તેની સમજણ પડતી નથી.

આટલું મનમાં કહી પંડિતજી કૃષ્ણા સાથે વાતે વળગ્યા.

૪ પ્રોષિતપતિકા.

પંડિતજી દેશી રાજ્યની નોકરીમાં જોડાયા પહેલાં કાશી વિશેષ

અભ્યાસ માટે ગયા હતા તે વખતે ત્યાં " દુ:ખ પ્રકાશ " નામના માસિકમાં " વર્ષા ઋતુમાં પ્રોષિત પતિકા" એ નામની કવિતા વાંચી આંખમાં અશ્રુ ભરાઇ આવ્યાં અને ઘર સાંભરી આવ્યું. હિંદુ સંસારમાં જેને સતી કહેવામાં આવે છે અથવા જેને કુલીન કે પતિવ્રતા પત્ની કહેવામાં આવે છે તે પોતાના પતિના વિયોગમાં કેવી સ્થિતિમાં રહે છે તે પંડિતજી તો જાણતા હતા, તેથી જાણે પોતાની સ્ત્રી એ સ્થિતિમાં હોય એવું પંડિતજીને લાગી આવ્યું અને બીજે દિવસેજ કાશીથી પોતાને વતન પોતાની પ્રાણપ્રિયાને મળવા જવા પ્રયાણ કર્યું. જે કવિતાને લીધે તેને એવી અસર થઈ તે કવિતા આ નીચે આપી છે. સતીઓએ તો આ કવિતા વાંચવા જેવી છે પણ પતિઓએ આવી સતીઓનાં ચરિત્રો ધ્યાનમાં લઇ એક પત્નીવ્રત પાળવાનું છે.

વર્ષાઋતુમાં પ્રોષિત પતિકા.

મધુભૃતા વૃત્ત.

સિદ્ધિ બુદ્ધિ સાથ તમોને, નમું ગજાનન રાય;
મંગળ કાર્ય થવા સમરૂં છું ઇશ પડી તુજ પાય.
દુંદાળા સુંઢાળા દેવા, થા તું મને સહાય.
જોડી ઉભયકર વીનવું.

અલ્પ મતિથી એક લેખ હુ લખવા ધરૂં છું હામ;
સિદ્ધિ બુદ્ધિ આપ સદાયે પ્રથમ સ્તવું તુજ નામ. ૧
પદ્માસન વાળીને બેઠી, હંસવાહિની જેહ;
કુંદ પુષ્પની માળ ગળામાં, શોભે સારી દેહ.
કોમલ કર તલમાં શોભે છે, વીણા રૂડી જેહ.
તે શારદને સમરૂં.

લલિત કુમારી વાગ્દેવી તું, વરપ્રદે વર દે;
વીનવું છું તુજને શારદ હે, અરજી અંતર લે. ૨
ગુરૂ મંડળને વીનવું ખાંતે, જેના પુન્ય પસાયે;
અલ્પ જ્ઞાન પણ આવ્યું મુજમાં, પડું તેમને પાયે.
વિરહ વ્યથાનો લેખ આજ, આ અલ્પ મતિથી લખાયે.

તે સહુ ગુરૂ પ્રતાપે.

ગુરૂ દેવ વાચા આપી જે, તે થકી કાંઇ લવું છું;
દોષ માફ કરજો સજ્જનો હે, કવિતા કંઇક કહું છું.—૩
શેઠતણા હુકમથી ચાકર, ગયો એક પરદેશ;
ચાલ્યો એકલડી મૂકી, આ બાળા જોબન વેશ.
પાપી પેટને કાજે તેણે, ધરી, દયા નહિ લેશ.

હા ! હતભાગી બાળા !

કમળ નાળ સમ કોમળ બાળા, બેઠી થઇ ઉદાસ;
" દાસપણું નિશ્ચે બુરૂં છે " કહી મુકયો નિશ્વાસ.—૪
સધવાએ વિરાગી માફક રે'વા, ધાર્યું ત્યાંય;
પચરંગી પટકુળ ઉતારી, સજ્યાં શ્વેત સઘળાંય.
ભવ્ય અલંકારો જે જે તે, લાગ્યાં હા ! દુખદાઇ,

ધાર્યું પતિવ્રત પ્રેમે.

અબળાએ આ સમયે સઘળું, શોકરૂપ ધરિયું જ;
હા ! હતભાગી બાળા ! તારૂં મુખ નિસ્તેજ થયું જ.—૫
સુભગ ચિહ્ન ચાંલ્લો ને ચુડલો, ધરિયાં છે તે બેય;
પતિ વિયોગે પ્રોષિત પતિકા, ઉદાસ અતિશે રે'ય.
ભાતભાતનાં ભોજન તજ્યાં, સાદું આરોગેય.

સહન થાય કેમ તુંથી.

હે અબળા તું કહે સખીને, ખોલી દિલ તારૂં;
અરે પતિ વિણુ વાચા તારી, ઉઘડે નહિ વારૂ.—૬
વાદળવાળી રાતે શશીયલ, જેવો ઝાંખો હોય;
તેવું આ તુજ મુખડું આજે, પતિ વિનાનું રહોય,
મનહર ગાલ ભીંજાયાં તારાં, નેનથી વરસે તોય.

વેણી છુટી પડી છે.

તેલ વિનાની તને ખુંચતી હશે, અરે બાળા;
શાંતિ જળથી બુઝાવ તારા, દિલડાની જવાળા—૭
વરષારૂતુ બેઠી આ વારે, સ્યામ થયું આકાશ;
શ્યામ પયોધરી પાતળ પેટી, દોડે છે ચોપાસ.
ગડગડાટને થાય ગરજના, ચપળા ચમકી રહી આકાશ.

સ્મરણુ થયું બાળાને.

હા ! એક દિન હું ચપળા તે, મુજનાથ મેઘની સાથે;
કલ્લોલ કરતી નિત્ય રીઝવતી, મુજ નાથ ખાતે—૮
કદી ગરજના થકી હું બીતી, રખે ધારીને એમ;
બાથ ભીડી છાતી સરસી આ, ચાંપી કરતા રે'મ.
લપાઇ જાતી જલદી તેના એક પાર્શ્વમાં ક્ષેમ.

હાય ગયું સુખ તે સહુ.

કિંતુ હવે ધરૂં કાં ભીતિ, બાલ મેઘની શાને;
" વિજળીનો ભો કદી ન હોયે પ્રાણુહિણુ મડાને."—૯
ડ્રાઉં ડ્રાઉં કરતા આ દાદુર મોર કરે છે શોર;
પીયુ પીયુ પોકારત આજે, ચાતક અતિ ચકોર.
મુજ પિયુને તે સંભારી આપે છે, કરી શોર.

થજો બપૈયા તારૂં.

મંગળ સઘળે કહે, તેં મુજ પ્રિય કર્યું આવાર;
હું પણ તારા જેવી દુખીયણ, હાલ બની લાચાર—૧૦
ગુલાબી કાયા મારી સૂકી, પતિ ગયા પરદેશ;
વિરહાગ્નિથી મરૂં મુંઝાઇ, વ્યર્થજ જોબન વેશ.
મેઘ ધારથી શાંતિ ન મળે, ઓછું દુઃખ ન લેશ,
પતિવિણ હું દુખીયણ.

વાદળ આવે નૈઋત્યેથી, સમાચાર શા લાવે;
પૂછું પ્રોતે તેને હુંતો, જો કંઇ તેહ જણાવે—૧૧
નહિ બોલે નહિ સાન કરે, એ જવાબ કોઇ ન આપે;
હું દુરભાગી અબળાને તો, સર્વ આજ સંતાપે.
શું કામનો તું મેઘ માહરે, જરા ન મુજ દુઃખ કાપે,
જા જા અહીંથી જતો રે'.

વિયોગ ભમરો કાષ્ટવત્, આ દેહ ફોલીને ખાય;
નાથ વિના નિરભાગી મુજની, કોણ કરે રક્ષાય—૧૨
શ્રાવણ ચાલ્યો ભાદરવો આ, આવ્યાં નદીએ પૂર,
" એક આંખમાં શ્રાવણ, બીજે ભાદરવો ભરપુર,"
ઇલાજ મારો એક ન ચાલે દૈવ થયો અતિ ક્રુર;
પતિવિણ પત્નીને.

સુખ નથી કંઇ લેશ માત્ર, દે શાણી બેનો સમજો;
" મુજ સમું દુઃખ વિજોગ કેરૂં તમને કદી ના નડજો—૧૩
રસાળ ક્ષેત્રો મેઘ બુંદને, અતિ પ્રેમથી માગે;
વિયોગીઓને દિલમાં અતિશે, અગ્નિ આજ તો લાગે;
કંઇક છાપરાં ઉડે વાયુથી, નબળાં વૃક્ષો ભાગે.

મોર કળા કરી નાચે.

હું નાચું ક્યાં ? કોની પાસે ? ક્યારે પતિ મુખ ભાળું:
હાય ! હાલ આ ખીલેલ જોબન વ્યર્થ વ્યર્થ ગાળું—૧૪
મલ્હાર રાગો ગમે ન મુજને, હું બેસું સુનકાર,
ભૂમિ તૃપ્તતો થઇ તથાપિ, હું નહીં તૃપ્ત લગાર.
વિયોગ એલી મટે નહીં હા ! બની અતિ લાચાર.

નેવે પાણી ન માયે.

તેમ મુજ અશ્રુનું થાયે, નાથ શીઘ્ર પધારો;
આપ વિના આ દાસી કેરો એક નથી આરો—૧૫
દશરાના દિ ગમે ન મુજને વ્યર્થ જીવન મારૂં છે;
શરદ પુનમનો ચંદ્ર અતિશે, હવે મને દુઃખ દે છે.
શીતલ ચાંદો આજ અગ્નિસમ મને અતિ પીડે છે

પાળી પેટમાં મારૂં.

પતિ હાજરીમાં જે ચીજો, મુજને સુખ દેતી'તી;
તેજ ચીજ તે વિણુ આજે હા ! મુજને અતિ કનડતી—૧૬
ધીમો સાગર પડયો ભેટી આ, તેને નહી રૂપ નારી;
પણુ આ નારીનો સ્વામી ક્યાં, દુર પડયો છે ભારી.
કેમ ભેટું જઇ ત્યાં હું તેને, ભોગવું આ લાચારી.

દુર્દૈવ મારૂં છે.

દીવાળીના દિવસો મુજને કયમ પતિ વિણુ સુખ આપે!
તાવ ભરાયો છે આ અંગે, તપું વિયોગી તાપે—૧૭

શિખરિણી.

કનિષ્ટાથી વીંટી, નીકળી પડતી તેહ નિરખી;
સુકાયેલા અંગે, નજર કરીને નાર રડતી;

પીળી લુખી વેણી, વિરહ દુઃખથી જાય ગળતી;
ભમે ગાંડી જેવી, ઉભય નયને અશ્રુ ભરતી—૧૮
ઉતારી શું માયા શ્વસુર સુત ક્યાંયે જઇ વસ્યા;
ભરાયા શું ક્રોધે, નિર્દય થયા સાસુ સુત શા ?
પીવું ખાવું રે'વું, ભૂષણ પટ આ કાંઇ ન ગમે;
" વિલાયાં વેલીનાં, સ્મિતમય સપુષ્પો આ સમે'—૧૯
અલંકારો લાગે, શરીરપર અંગાર સરખાં;
લતા વેલી કુંજો, પતિવિણ નહિ કાંઇ ગમતાં.
કરે અગ્નિ વૃષ્ટિ હિમકર, હવે હું કયમ જીવું;
વિયોગે મુંઝાણી, સખી મુજ દુઃખો હું કયાં લવું'—૨૦

૫ પંડિતજી અંત્યજ સમાજમાં.

પંડિતજીને ગીરનાર આવ્યા પછી ખબર પડી કે તેના ગુરૂ સુલક્ષણનાથ વામન સ્થળીમાં બિરાજે છે અને કુમારિકા કૃષ્ણા પણ એજ ગામમાં ઉપદેશ કરે છે. આ ખબર મળતાં કુટુંબને ગીરનારની ધર્મશાળામાં મૂકી તેઓ વામનસ્થળી ગયા. ગુરૂદેવના દર્શન કરવા જતાં માર્ગમાં એક નયશાળા આવી તેમાં નીચે પ્રમાણે પદ ગવાતું હતું.

'આ નયશાળા હમારી, અમારી અમારી અમારી, આ નયશાળા. ટેક.
ભણ્યાં ગણ્યાં આનંદે રહીશું, નહિ દેશુંવ વિસારી. અમારી.
ગુરૂ શિક્ષક પ્રતિ નિત્ય રહો ઉર, પૂજ્ય ભાવના ભારી. અમારી.
જ્ઞાનામૃતનું પાન કરાવ્યું, વિષ અજ્ઞાન ઉતારી. અમારી.
જ્ઞાન દાનદાતા સુખી રહેજો, જીવો અમ ઉપકારી. અમારી.
સાહ્ય કરી સંપે સહુ રહીશું, ભ્રાતૃભાવ વધારી. અમારી.
માતપિતા સમ સઘળી લીધી, સાર સંભાળ શું સારી. અમારી.

યશ વિસ્તરીને ધર્મ ધરીને, સુગુણ સુવિધા વધારી. અમારી.
પરમાર્થે પ્રીતિ નીતિ રીતિ ધારી, સ્વમાન શાંતિ વધારી. અમારી.
ફરજ બજાવી સુનીતિ સજાવી, વિજય વિજય લલકારી-દીપવશું.અમારી.

પંડિતજી આ પદ સાંભળી આનંદ પામ્યા. દૂર દૃષ્ટિ પડતાં વાંચ્યું કે **અનાથ રક્ષા પરમોહિ ધર્મ:** અને તેથી જાણ્યું કે, આ અનાથ બાળકોની શાળા છે. આવી કેળવણી લેનારા અનાથો કેવા સારા થશે, એ વિચાર કરતાં કરતાં પંડિતજી સુલક્ષણનાથને મુકામે પહોંચ્યા. દર્શન કરી તબીયત પૂછી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી સુલક્ષણનાથનો ચાલતો ઉપદેશ તેમણે સાંભળ્યો. ઉપદેશ પુરો થતાં નાથે પંડિતજીને કેટલાક તંદુરસ્તીના અને વિશેષ અભ્યાસ સબંધે પ્રશ્નો પૂછયા. વાર્તાલાપ વિનોદ કરી પંડિતજી ત્યાંથી ઉઠયા.

કૃષ્ણા કયાં ઉતરી છે તેની તજવીજ કરતાં જણાયું કે તે તો ઢેડવાડામાં ઉતરી છે. હજી નાતનું તોફાન તો તાજુંજ હતું. ઢેડવાડામાં પંડિતજીથી કેમ જવાય ? તેમ ઢેડવાડામાંથી કૃષ્ણાને મળવા પણ કેમ બોલાવાય ? પંડિતજી વિચારમાં પડયા. તેમને સાંભર્યું કે,

શુનિ ચૈવ શ્વપાકે ચ પંડિતા: સમદર્શીન:

પરમેશ્વરની આ પ્રજા, સઘળો છે સંસાર;
એક કુટુંબી આપણે, એક પિતા પરિવાર.
કાળા ગોરા કોઇ છે, ધનહીણા ધનવાન;
કહો ન હલકો કોઇને, સઘળા એક સમાન. ક. દ. ડા.

આવાં વાકયો પંડિતજીને કંઠસ્થ હતા. તે સંભારી તેમણે ઢેડવાડામાં જવાનો નિશ્ચય કર્યો. વળી સાંભર્યું કે **યદ્યપિ શુદ્ધં લોક વિરુદ્ધં, ના કરણીયં ના ચરણીયં**. કંઇક નિશ્ચય ડગ્યો પણ અંતે કૃષ્ણાને મળવા અને તક મળે તો સુલક્ષણનાથ ગુરૂજી પાસે

તેને લાવી પાવન કરી નવી દીક્ષા અપાવવા લાલચ થઇ આવી. પણ પંડિતજી જાણુતા નહોતા કે કૃષ્ણા એ તો પાકાં પ્રદેશોનાં જેવી હતી એ કંઈ કાચી નહોતી કે પંડિતજી કહેને બીજી દીક્ષા લે, પંડિતજી જેવા કેટલાકને તો તે પીઇ જાય તેવી હતી.

પંડિતજી કૃષ્ણાને ઉતારે ગયા. કૃષ્ણાએ દૂરથી પંડિતજીને જોયા કે બહુ રાજી થઇને બારી સુધી સામે લેવા ગઇ. પંડિતજી સાથે સેકહેંડ કરી કુશળ સમાચાર પૂછયા. પછી અંત્યજોની જે ભજન મંડળી મળી હતી તેમાં આગ્રહથી પંડિતજીને કૃષ્ણાએ પ્રમુખસ્થાને બેસાડીને કૃષ્ણાએ અંત્યજોને ધર્મ સંબંધી અસરકારક ઉપદેશ આપ્યો. તેની બોલવાની છટા અને અભિનયે અંત્યજોને તો ઠીક, પણ પંડિતજીને એ પાણી પાણી કરી નાખ્યા. ભાષણ પુરૂં થતાં કૃષ્ણાએ પંડિતજીને પોતાના ઉપદેશની તરફેણમાં બે બોલ બોલવા વિનતિ કરી.

છટાથી અંજાઇ ગયેલા પંડિતજીએ કૃષ્ણાના શાંત ઉપદેશની પુષ્ટિમાં કેટલુંક વિવેચન બનાવવા કહ્યું તેથી અંત્યજોને અસર થઇ કે એક બ્રાહ્મણ પંડિત પણ કૃષ્ણાના ઉપદેશને ટેકો આપે છે તેથી આપણે કૃષ્ણાએ બતાવેલે માર્ગે જવું એ યોગ્ય છે.

કૃષ્ણાએ ઉભા થઇ અહોરૂપં અહોધ્વનિઃ ની પેઠે પંડિતજીના પુષ્કળ વખાણ કર્યાં અને પોતાની હમેશની રીત મુજબ ભારે ઉપકાર માન્યો. વળી ફરીથી બીજે દિવસે પધારવા આમંત્રણ કર્યું. એ આમંત્રણ સ્વીકારવામાં વાંધો ન આવે એવી અસર ઉપજાવવા કૃષ્ણાએ નીચેનાં બે ભજન મધુર કંઠથી અને હાથમાં સારંગી લઈ અભિનય સહિત લલકાર્યાં.

પદ.

ગિરિ તળાટી ને કુંડ દામોદર, ત્યાં મહેતાજી નાહવા જાય;
ઢેડ વરણમાં દ્રઢ હરિભક્તિ, તે પ્રેમ ધરીને લાગ્યા પાય. ગિરિ૦
કર જોડીને પ્રાર્થના કીધી, વિનતિ તણાં બહુ વધા વચન;
સંતપુરૂષ અમ અરજ એટલી, અમારે આંગણે કરો કીરતન. ગિરિ૦
પ્રેમ પદારથ અમો પામીએ, વામીએ જન્મમરણ જંજાળ;
કર જોડતામાં કરૂણા ઉપજી, મહેતાજી વૈષ્ણવ પરમદયાળ. ગિરિ૦
પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમ દ્રષ્ટિને સર્વ સમાન;
ગઉમુત્ર તુળસી વૃક્ષ લીપજો, એવું વૈષ્ણવે આપ્યું વાગ્યજ્ઞાન. ગિરિ૦
મહેતાજી નિશાએ આવ્યા, લાવ્યા પ્રસાદને કર્યો ઓચ્છવ;
ભોર થયા લગી ભજન કીધું, સંતોષ પામ્યા સઉ વૈષ્ણવ ગિરિ૦
ઘેર પધાર્યા હરી જશ ગાતા, વાતા તાળ ને શંખ મૃદંગ;
હસી હસી નાગર તાળીઓ લે છે, આ શા રે બ્રાહ્મણના ઢંગ. ગિરિ૦
મૌન ગૃહીને મહેતાજી ચાલ્યા, અધવધરાને શો ઉત્તર દેઉં;
જાગ્યા લોક નરનારી પૂછે, મહેતાજી તમે એવા શું ? ગિરિ૦
નાત ન જાણો ને જાત ન જાણો, ન જાણો કાંઇ વિવેક વિચાર;
કર જોડીને કહે નરશઇયો, વૈષ્ણવતણો મને છે આધાર. ગિરિ૦

પદ

એવા રે અમો એવા રે એવા, તમે કહો છો વળી તેવા રે;
ભકિત કરતાં જો ભ્રષ્ટ કહેશો તો, કરશું દામોદરની સેવારે, એવારે.
જેનું મન જે સાથે બંધાણું, પહેલું હતું ઘર રાતું રે;
હવે થયું છે હરિરસ માતું, ઘેર ઘેર હીંડે છે ગાતું રે. એવારે.
સઘળા સાથમાં હું એક ભુંડો, ભુંડાથી વળી ભુંડો રે;
તમારે મન માને તે કહેજો, નેહ લાગો છે મને ઉંડો રે એવારે.

કરમ ધરમની વાત છે જેટલી, તે મુજને નવ ભાવે રે;
સઘળા પદારથ જે થકી પામે, મારા પ્રભુની તોલે નાવે રે. એવારે.
હળવાં કરમનો હું નરસઇયો, મુજને તો વૈષ્ણવ વહાલા રે;
હરિજનથી જે અંતર ગણશે, તેના ફોગટ ફેરા ઠાલા રે. એવારે૦

૬ નિરાધાર બાળકી.

પંડિતજીને અને કુમારિકા કૃષ્ણાને શી વાત થઇ તે હજી આપણે જાણી નથી પણ કુમારિકા કૃષ્ણા કોણ હતી તેનો કાંઇક વિશેષ ખ્યાલ આવવા માટે નીચેની કવિતા વાંચવાની છે. તેના જીવન નિર્વાહ માટે કોણે ગોઠવણ કરી અને કોણે ગોઠવણ ન કરી તે બધું નીચેની કવિતાપરથી કેટલેક દરજ્જે વાંચકવૃંદના ધ્યાનમાં આવશે.

હવેરાં કે દેવળોની સંખ્યા દેશમાં વધારવાથી કે જે ધર્માચાર્યો દુકાળના કે સંકટના વખતમાં પોતાને માનનારા સેવકોના કલ્યાણ માટે કશું ખરચતા નથી, પણ લાડી, વાડીને ગાડીમાં મોજ મારે છે તેને કાંઇ ભેટ ધરવાથી આ જમાનામાં લાભ નથી એ સમજવા માટે, જમાના પ્રમાણે કેવાં કેવાં આશ્રમો બંધાવવાની જરૂર છે, ધર્મ એટલે શું ? દાન એટલે શું ? વગેરે બાબતનો પરમાર્થ લોકો અને ધર્મગુરૂઓ સમજે તો ધર્મને, કોમને ને દેશને કેટલો બધો લાભ થાય એ સમજવા નીચેની કવિતા આપી છે.

તોટક વૃત.

" ગિરનાર તળે પડી એક શિલા, કરૂણા ભરી ગાની અશોક લીલા;
સ્થુળ એહ છતાં રસરેલ પુરે, ભરતી કંઇ ચેતન ભારી ઉરે. ૧
ઇતિહાસ અશોક તણો જણવે, ગત કાળ સમૂહનું કાવ્ય કવે;
ગત કાળ ઉરે કંઇ તર્ક પુરે, સ્મરણે હિંદ સાત્વિકતા ઉભરે " ૨
મનથી કંઇ એહ શીલા ઉચરી, બહુ લોક ચડે ગીરનાર ગિરી

નિજ દેવ તણાં કરી દર્શનને, ખર્ચે તનને અતિશે ધનને. ૩
મનને પણ કોઇ નહિ ખર્ચે, ખરૂં પુણ્ય કયું ? નહિ તે ચરચે;
કરી ઉજવણાંજ સમોસરણાં, ધરી ભેટજ અન્નકુટો ન મણા. ૪
વળી દેવળ બાંધીજ દેવ તણાં, હૃદયે કંઇ રાજી થતા બમણા;
બહુ તીર્થ ફરે ધન તે ન ધરે; ઉન્નતિ કરવા નિજ ધર્મી કરે. ૫
કદી ધર્મી દીન દુઃખો ન જુએ, નહિ આશ્રય દે, નિજ પંથી ખુએ;
જન નિજની જાય ઘટી વસતી, કદી એ ન વિચાર કરે મનથી. ૬
નિજ ભ્રાત સમા ભૂખને ભડકે, જનતો નિર ઉદ્યમી થઇ ભટકે;
તદપી ધની નાંહી વિચાર કરે, કરવા તીરથો કદી ના વિસરે! ૭
શું કહો પછી દેવળથીજ સર્યું ? શું કહો પછી ભેટ ધર્યેથી વળ્યું ?
મનુષ્યોની દયા ન ધરો શું ફળે ? શું કૃતાર્થ થયા જઇ તીર્થ સ્થળે ? ૮
કરી દર્શનને પછી ઘેર જતાં, થયું સાર્થક શું મન ના ધરતા;
પ્રિય માનવની ન દયા વિસરો, જડ હું કહું છું જન ઉર ધરો ૯
શુભ જીવ દયા ઉપદેશી રહી, પણ કોણ સુણે મુજનુંજ અહીં;
જડ હું શું વિશેષ તનેજ કહું, મગ, બાળકીને કથશેજ સહુ." ૧૦

ઉપજાતિ

મને પ્રવાસી જનને કહ્યું જે, ધર્યું હૃદે તે દુઃખથી બધું મેં;
અનાથનો વાંક નથી લગાર, બુભુક્ષિતો કિં ન કરોતિ પાપ. ૧૧
દુકાળ જે છપનીઓ પડયો છે, લીવેલ ભેરો ગુર વાવરે છે ?
નહિ કદી સેવક કાજ પઇ, ગુરુ નથી વાવરતાજ, હાય ૧૨

દોહરો.

ગયો બાળકી પાસ હું, પડી હતી તે દૂર;
પહોંચ્યો પાસે જોઇ મેં, હતી, દુઃખે ભરપુર. ૧૩
ઉચર્યું, બાળા, બેનડી, બેઠી થાને બોલ:
શા માટે પડી છું અહીં, તારૂં હઇયું ખોલ. ૧૪

તોટક.

છઉં જાત હું ભ્રાત તમારી ખરી, પણ માત પીતાજ ગયા છે મરી;
નથી જાણુતી કોણ સગાં મુજનાં, નથી દર્શન થ્યાંજ ગુરૂજી તણા. ૧૫
જીવ રક્ષક ધર્મી તણાં મુખડાં, નિરખ્યાં પણ ના ઘટીયાં દુઃખડાં;
મનુષ્યો તણું રક્ષણ તો કરવા, કયમ બોધ ન દે ગુરૂજી ગરવા. ૧૬
ન અનાથ તણા કંઇ આશ્રમની, દીસતી કયમ ના કંઇ ગોઠવણી;
ગુરૂ બોધ કરે ન સમો વરતી, દીધી ક્ષુદ્ર વધારી ઉપાધિ અતિ. ૧૭
નહિ આશ્રમની કંઇ ગોઠવણી, નહિ આપવી કોઇને કેળવણી;
ન સમા પરમાણ કરે કંઇ હા! ગુરૂને ધની દોષી બંને બમણા. ૧૮
ધનકોટી અને કંઇ લક્ષ ભર્યાં, સઘળા શુભ સેવકના ધરિયા;
પ્રભુ સેવક કાજ પઇ પણ ના વવરાઇ, થશે દીનની શું દશા? ૧૯
સત ધર્મજ શું નથી રે સમજયા, શું દયા ખરી તે વીસરીજ ગયા;
કહી રોઇ પડી અટુલી અબળા, નહિ શબ્દ લખી શકતો સઘળા. ૨૦
દઇ ભાતું દઇ જળ શાંત કીધી, દઇ ધીરજ બાળકી સાથ લીધી;
કરવા શુભ તીરથ શેઠ તહીં ઉતર્યા, જઇ ત્યાં કંઇ વાત કહી. ૨૧
ભડ ભકત ભલા દુઃખી બાળકી આ, નથી માતપિતા અટુલી અબળા;
નિજ ધર્મ અને નિજ જ્ઞાતિ તણી, પ્રિય બાળકી આજ અનાથ બની. ૨૨
કરી રક્ષણ પુણ્યની પ્રાપ્તિ કરો, ભડ ભકતનું નામજ સાર્થક તો;
ભડ ભક્ત વદ્યા ન કહે મુજને, જન દુર્બળ તો બહુએ રખડે. ૨૩

દોહરા.

પાપ કરેલજ પરભવે, તેથી તે દુઃખી થાય
તેને મદદ કર્યાં થકી, પુણ્ય કદી નવ થાય. ૨૪
દેવળ બાંધો તો દઉં સારી તમને સ્હાય;
પણ પાપી પેલે ભવે, તેને દૈશ ન કાંઇ. ૨૫

જાય કમાવા ક્યાં કહો, કહેતાં કહે ધન રાય,
ગામ પડયું આખું બધું, માગી ટુકડા ખાય. ૨૬

તોટક.

ગઇ આશ્રમ અન્ય વિષે અબળા, સુખી થઇ મળી કેળવણી ઉમદા;
મળવા જઇ મેં સઘળું નીરખ્યું, દુરથી દીઠી કે ઉર આ હરખ્યું ૨૭
દુરથી મુજને નીરખી હરખી, ધસતી ઊમરા મહીં આવી ઉભી;
મળી આદરથી વદી નેણુ રૂડાં, શું મનોહર મંજુલ પ્રેમ ભર્યાં ! ૨૮
શુભ ધર્મ અને નીતિ શિક્ષણની, મધુરી મુખ વાત વિદ્યાની વદી;
ગુણ રાગી વિદુષી વળી નરવી, સરલા સુગણા સુઘડા ગરવી. ૨૯
પ્રિય કૃષ્ણ કુમારી તને નીરખી, પ્રીતિ પાત્ર પ્રવીણ બની નીરખી;
ગત જન્મ તણા રૂણ બંધનથી, તુજની સ્થિતિ આવી નીહાળું નકી. ૩૦
વયમાં બહુ વર્ષ વીત્યાં તુજને, પણ બાળ કુંવારી દીસે મુજને;
વિનયે વધી જ્ઞાન વિષે વધી તું, મુખી જ્યેષ્ટ દીસે સહુમાં સુખી તું. ૩૧
પ્રિય ભ્રાત સુખી છું બધીજ રીતે, અર્પ્યુ મુજ જીવન વિશ્વ હિતે;
ઉપકાર કદી મુજ રક્ષકનો, ભૂલું ના જરીએ જીવતા સુધી તો. ૩૨
સ્મરણે ચડતું સહુ પાછળનું, ધનરાયે ન સાચ કરી ન ભૂલું;
કર્તવ્ય પરાયણ ધર્મ ગ્રહ્યો, કર્તવ્ય વિમુખજ પંથ તજ્યો. ૩૩
કરી બોધ હું રક્ષક ધર્મ તણો, બદલો ઉપકાર તણો એ ગણો;
શીખવો શુભ આપ સમાજ મહીં, વદી એ ભરી લોચન આંસુ સહી. ૩૪
મળ્યું રક્ષણ આપ સમાજ મહીં નહિ, તેથીજ ભ્રાત હું આવી અહીં;
શીખવો શુભ ધર્મ સમાજ વિષે, જણવો વળી હાની થઇ જે દિસે. ૩૫

દોહરા.

કહ્યું વિશેષે જે મને, કહેતાં અશ્રુ ભરાય;
ધર્મ ગુરૂ ઉપદેશની, હવે ફેરવો ધાય. ૩૬

ખરૂં પુણ્ય ને ખરી દયા, ખરો ધર્મ તે શુંય;
ખરી ભેટ પ્રભુને કઇ ગમશે કહ્યું બધુંય. ૩૭
તીરથ જાત્રા દેવળે, જેજે ધન ખરચાય;
સમાજ ઉન્નતિ કાજ જો, તે સઘળું વવરાય ? ૩૮
તો તો આ સમયે ઘણું, સુકૃત કરી શકાય;
વિના આશ્રયે હાનિ જે, થાયે તે નવ થાય. ૩૯
સમજો સમજુ આ કથા, સમજો સાચો ધર્મ;
ખરચો ધન શુભ માર્ગમાં, એજ ધર્મનો મર્મ. ૪૦
આ કાળે જેનો જરૂર, તેમાં ધન વવરાય;
ખોટાં ખરચો ના કરો, એજ અહીં કહેવાય. ૪૧
તીરથ યાત્રા દેવળે, અતિશે ધન ખરચાય;
દીન દુઃખી સુખીયા થવા. વાવરજો ધન ભાઇ ! ૪૨

૭ સેવા ધર્મ.

કૃષ્ણા અને પોતાના વચ્ચે ચાલેલા ને કેટલાક બીજા પત્રો કૃષ્ણકુમારે નવરાશના વખતમાં વાંચવા માંડયા.

સુજ્ઞભ્રાતા,—

આપનો પત્ર મળ્યો વાંચી અત્યાનંદ થયો છે.

પરતંત્રતાને કેટલાક નબળાઇ ગણે છે તે તેમની અપેક્ષાએ સત્ય હશે, પણ મને તો તે ધર્મ સમજાય છે અને આપનો પત્ર પણ તેમાં કશો વાંધો દર્શાવતો નથી.

બાંધવ ! સ્ત્રીઓનો ધર્મ છે કે કુટુંબને દરેક રીતે સુખી રાખવું. તેના સુખાર્થે આત્મભોગ આપવાની જરૂર પડે તો પણ તેમ કરવા પાછી પાની કરવી નહિ; તેનું નામ કર્તવ્ય પરાયણતા ને ત્યારેજ ફરજ અદા કરી કહેવાય. સ્વતંત્રતામાં સુખ છે કે પરતંત્રતામાં સુખ છે તે કાંઇ દરેક વ્યક્તિને માટે ચોકસ કહી શકાતું નથી. વળી કયા

સુખાર્થે સ્વતંત્રતા મેળવવાની જરૂર છે ? કયા આનંદની ખાતર તેમ કરવાની આવશ્યકતા છે ? કયા અભિલાષો પૂર્ણ કરી સંતોષ મેળવવા તેમ કરૂં ? એવું એક પણ કારણ નથી કે જેને અંગે સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની જરૂર પડે.

દુનિયામાં આ અવતાર ધારણ કર્યો છે તે સ્વતંત્રતા માટે નહિ પણ પરતંત્રતા માટેજ છે. કદાચ આપ કહેશો કે આત્માની ઉન્નતિ માટે કે તેવા શ્રેય માટે તેમ કરવાની જરૂર છે. તો મારો જવાબ એટલોજ છે કે જો ભવિષ્યમાં શ્રેય થવાનું હશે તો સ્વતંત્રતામાં કે પરતંત્રતામાં શ્રેયનાં સાધન એની મેળે મળી આવશે—કુદરત એની મેળે સાનુકૂળ થશે. કુદરતના કાનુનોની વચ્ચે કોઇથી આવી શકાતું નથી. ઘણાં દૃષ્ટાંતો એમ કહે છે કે દુઃખ એ સુખને માટે હોય છે. તેમજ કદાચ મારે માટે પણ બને.

વળી પ્રભુ કોઇને દુઃખી કરવા માગતો નથી. એ મહાન્ પિતા પોતાના બાળકોને દુઃખી કરેજ નહિ. તે તો સૌના ભલામાંજ રાજી છે માટે એમના ઉપર સંપૂર્ણ ભરોસો રાખું છું. કુદરત જે રસ્તો બતાવ તે રસ્તે ચાલવું એજ ઉત્તમ ને શ્રેયસ્કર છે.

વળી બંધુ ! ફક્ત પોતાની જાતને માત્ર સ્વતંત્રપણે વિચરવા, દુનિયાની અંદર પોતાનું એક પણ ખરૂં સુખ પ્રાપ્ત થવાની આશા નહિ હોવા છતાં સ્વજાતે સુખમાં રહેનારની સાથે કલહ કંકાસ કરીને સર્વની શાંતિનો ભંગ કરવો તેને હું અંતઃકરણ પૂર્વક ધિક્કારૂં છું. તો પછી હું પોતેજ તેમ કરૂં એવો સ્વપ્ને પણ કોઇને ખ્યાલ આવશે નહિ. મારા સુખશાંતિનો ભંગ થવાથી, બીજાનાં સુખશાંતિનો ભાગ લેવાની મને જરાપણ ઇચ્છા નથી. પ્રભુ સર્વને સુખી રાખે.

પત્ર બીજો.

સરસ્વતી સ્વરૂપ વડીલ બ્હેન,—

પ્રણામ સાથે લખવાનું કે હું ખુશીમાં છું ને મારી તબીયત

બહુ સારી રહે છે. તમે હાલમાં શાસ્ત્રાભ્યાસ કરો છો તો પ્રેયો અને શ્રેયો વસ્તુ વિષે ટુંકામાં કંઇક લખી મોકલશો. આપને ખુશીમાં ચાહુંછું..............લિ. તમારો નાનોભાઇ.

ચિ. પ્રિયભાઇ,—

તમારો મમતાળુ પત્ર મળ્યો. વાંચી અત્યાનંદ પ્રાપ્ત થયો છે. વળી તેજ પ્રમાણે અભ્યાસમાંથી અવકાશ મળ્યે શરીર સુખકારીના પત્ર વારંવાર લખતા રહેશો.

લૌકિક સુખમાં જીવન ગાળવાના પદાર્થો અને સાધન તે પ્રેયો વસ્તુ. પ્રેયો વસ્તુ મેળવવાની અભિલાષા રાખી તેને માટે જે મનુષ્યો આયુષ્યપર્યંત પ્રયત્ન કરે છે અને એ પ્રયત્નમાંજ જેનું જીવન પૂર્ણ થાય છે એવા મનુષ્યની જિજિવિષા વાસનાજન્ય કહેવાય છે.

જે મનુષ્યદેહધારી મહાત્માઓ મનુષ્યાવતારને સફળ કરવા ઇચ્છે છે તેઓ જે વસ્તુમાં સફળતા દેખે છે તે વસ્તુ ઉપર કહેલી પ્રેયો વસ્તુથી જુદા પ્રકારની છે અને તેને શ્રેયો વસ્તુ કહે છે. પોતાના જીવનને આ શ્રેયો વસ્તુના સાધનરૂપ ગણી તેઓ જીવવા ઇચ્છે છે અને જીવવાનો પ્રયત્ન કરે છે પણ પ્રેયો વસ્તુ મેળવવાના ફાંફાં મારતા નથી. એમના પ્રયત્નો એમના જીવનને તપોમય કરી નાંખે છે અને એ તપમાંજ પોતાના જીવનની કર્તવ્યતાની પૂર્ણતા માને છે.

જેમ જિજિવિષા—જીવવાની ઇચ્છા બે જાતની છે તેમ મુમૂર્ષતા-મરવાની ઇચ્છા પણ બે જાતની છે. એક લૌકિક ને બીજી ધર્મ બોધિત. લૌકિક જીવનની ઇચ્છાવાળો જેમ પ્રેયને શોધવામાં આયુષ્ય ગાળે છે તેમ લૌકિક મુમૂર્ષતાવાળો મનુષ્ય અપ્રિય વસ્તુના દુઃખથી દબાઇને તેને દૂર કરવાનો માર્ગ આયુષ્યનો અંત આણવામાં શોધે છે.

પત્ર ૪ થો. નુતન વર્ષાભિનન્દનમ્

श्रियं सुखं स्वास्थ्य मथोसुबुद्धिम् लाभं स्वकार्ये विजयं विभूतिम्
नवं नवं संगमयत्प्रसंगम् हर्षं प्रकर्षं वितनोतु वर्षम्

શ્રીમાન્ ચક્રવર્તી ભૂપેંદ્ર વીર વિક્રમાદિત્યની જયન્તિરૂપ આજના અપૂર્વ માંગલિક દિવસથી શરૂ થતું નવીન વર્ષ આપને, આપના કુટુંબને તથા આપ્ત જન સમૂહને વિજયી નીવડી ઋધ્ધિ, સિધ્ધિ, આરોગ્ય, આયુષ્ય અને સન્મતિ અર્પે એવી જગન્નિયંતા પ્રત્યે મારી શુધ્ધ હૃદયની નમ્રપ્રાર્થના નીચેના અભિલાષ સહીત છે તે પૂર્ણ થાઓ.

અભિલાષ (તોટક)

કર્તવ્યપરાયણ જીવન હો, પ્રભુ ધ્યાન અખંડિત લાગી રહો.
પ્રિયશાસન નાયક સ્હાય કરો, પ્રભુ જીવન આ મુજ તુંથી ભરો—૧
મુજ આત્મ વિષે ઉચ્ચવૃત્તિ પુરો, બળ બુદ્ધિ ગુણો ગણુ ઉર ભરો;
મનવાણી અને કર્તવ્ય વિષે, તુજ જીવન પ્રેરક નિત્ય બનો—૨
નિત્ય એક રહો રૂપ અંકિત તું, શુધ્ધ ઉન્નત આત્મરૂપેજ બનું;
મનભાવ રહ્યો પ્રભુ પૂર્ણ કરો, સુમહોજ્વલ લ્હેર સદાય વહો—૩
મુજદૃષ્ટિ સદા કર્તવ્ય વિષે, તુજ જીવન પંથ વિષે વિરમે;
વળી જેહ રહસ્ય તું જીવનનું, સુચરિત્ર સુજ્ઞાન શ્રધ્ધાથી ભરૂં—૪
તુજ કૃત્યતણી પ્રતિમા હૃદયે, શુધ્ધભાવ ધરી પ્રભુ નિત્ય વહો;
અભિલાષ વિભુવીર પૂર્ણ કરો, પ્રભુ અંતર આ તુજ જ્યોતિ ભરો—૫

વાંચનાર ! કૃષ્ણકુમારે અને કૃષ્ણાએ જન સેવામાં—પ્રભુ સેવામાં આયુષ્ય પૂર્ણ કર્યું. આ બધી વાર્તાપર તું વિચાર કરી સુમનગુચ્છ ગુંથજે ને હંસની પેઠે સાર ગ્રહણ કરજે. જુદી જુદી પ્રકૃતિવાળા પોતાને માફક આવે એવાં બીજે આમાંથી વીણી લે એ હેતુ આ પ્રકરણ લખવાનો હતો. शुभं भूयात्

શીલ સદ્બોધ.

કૃષ્ણા અને કૃષ્ણ કુમારે કરેલા બોધનો સાર નીચે આપ્યો છે.

ઉપેંદ્રવજ્રાવ્રત.

નમું તને વીર શ્રી વર્ધમાન, વિદારજો વિઘ્ન વિભુ મહાન.
પદે પદે મસ્તક હું નમાવું, ક્ષમાધરા હું તમને ખમાવું.

દોહરા.

જેહ મહાવ્રત સુજનનાં તેમાંનું મુખ્ય એક;
જાર વિલારી જનહિતે "વરણું રાખી વિવેક"

મનહર છંદ.

ધર્મવન દાવાગ્નિના ધુમાડાની હાર જેવા
કોમલાંગી તણા શ્યામ વાળ વ્યાલ × જાણજો;
મુક્તિરૂપ માર્ગ વિષે વિઘ્ન કરનારી નારી
જાણી એમ કોઇ દિન આનંદ ન માનજો;
વ્યાલ જેમ લંબ શ્યામ વાલ તેમ લંબ શ્યામ
ગણી અપશુકનને × ત્રાસ તેથી પામજો;
પંજરમાં પુરાયેલા પ્રાણીતણી પ્રેમ ભરી
જેવી તેવી વાણી તમે સુખદ પ્રમાણજો.

× વ્યાલ=સર્પ કાળો નાગ.

× સરપ આડો ઉતરવાથી અપશુકન થાય તેમ એથી ધર્મ-માર્ગમાં જનારને અપશુકન થાય એમ સમજવાનું છે.

તોટક.

કમળા તમ[1] કેશ કલાપ દિસે, તમ[2] શ્યામ સમા શુભ જ્ઞાન વિષે;
સુચરિત્રરૂપી વિધુ જ્યોતિ[3] તણો, હરનાર વિનાશક મેઘ ગણો.
તુજકેશ ન એ પણ ક્લેશજ છે, લસિતા[4] તમ કેશ લસિત[5]જ છે; [6]
મુનિ યોગી તણા ચિત્તને હરતો. તમ કેશ કલાપ[7] અતિ નડતો.

મનહર છંદ.

વામા તારા વક્રકચ[1] દીસે નવ ક્રકચજ[2]
કવિ એક કહે છે તે ખોટું કેમ માનવું ?
મુની, જન સર્વતણું ચિત્ત કાપી નાંખનાર
નવી કરવત જેવું હથિયાર કારમું
કમલિની કામિનીએ ધર્યું ચિત ચીરનારૂં
ભાનને ભુલાવનાર ભકિતને ભુલાવતું;
નિર્મલ જ્ઞાનરૂપ ચંદ્ર ગ્રહનાર રાહુ
અલકનું યુથ [3] મુકિત માર્ગને મુકાવતું.

ઉપેંદ્રવજ્રા.

અલંકૃતા [4] કુંતલ ભાર [5] સ્ત્રીનો, અલંકૃતા કુંતલ ભાર માનો [6]

---

૧ તમ=તમારા. ૨ તમ=અંધકાર. ૩ સુચરિત્રરૂપી ચંદ્ર પ્રકાશ ૪ સ્નિગ્ધા, સુકોમળ. ૫ લસિત=સ્નિગ્ધ, સુંદર. ૬ લ અક્ષર સહિત (લસિત) એટલે કેશના क માં લ જોડી દેતાં ક્લેશ શબ્દ બને છે. ૭ કેશકલાપ=વેણી અંબોડો.

[1] વક્રકચ–વાંકાવાળ. [2] નવક્રકચ–નવી કરવત. [3] અલક યુથ–ચોટલો. [4] અલંકૃતા–શણગારાયેલો. [5] કુંતલ ભાર–ચોટલો. [6] અ એટલે નહિ. અલંકૃતા એટલે જેમાંથી લ કાઢી નાંખો એવો કુંતલભાર–કુંતભાર, એક ભેદક શસ્ત્ર માનો.

વિલોકીને જે જન રાજી થાતા, ભવાટવીમાં ભૂલથી ભમાતા.

ગીતિ.

અષ્ટમીચંદ્ર સમાન, ભાલચંદ્રને [1] જોઇ જનો રાચે;
અલીક [2] અલિક [3] જ જે છે, તેને પ્રીતે કઇક જનો જાચે.

ઇંદ્રવજ્રા.

સાધુતરા ભૂસમ ભ્રૂ નિહાળો, [4] વિંધાવના, શલ્ય થકી સમાલો[5]
ના ભ્રૂ ગણો, એ વિષવૃક્ષ કેરી, ભૂમિ ભૂંડી મોહક માન વૈરી.

રાસડો.

સુ વિશાળ વેણીવામ, કવિઓ વખાણે છે
તેના દ્દષ્ટી પાતે ઉર, આનંદ આણે છે.
સુખનો શુભ માર્ગ મહાન મનમાં માણે છે
તેના દષ્ટીપાતને. જાણી શ્ષ્ટિપાત
શામાં કિંકર તેહનો કાંકર તારી ઘાત ?–દષ્ટી ઋષ્ટિ છે
કુવલયની માલા તુલ્ય, ગણુમાં દષ્ટિને
ધામ સુખનું ન તેને માન દષ્ટિ વૃષ્ટિને.

શાર્દૂલ વિક્રીડિત વૃત.

શાને આનન માન કાં નહિ કહે કાનન તેને ખરે
ક્ષુધા આનન કાનને ગણી લઇ થાતો ન પાપી અરે

---

૧ ભાલચંદ્ર=ભાળ એજ ચંદ્ર. ૨ અલીક=કપાળ. ૩ અલિક=મિથ્યા
૪ જેમાથી ર જતો રહે એવી (વિષવૃક્ષની) ભ્રૂ જેવી ભ્રને માનો
એમ કહેવાની મતલબ છે ૫ સમાલો=સંભાળો ૬ આ રાસડો
" સુખી વિરહી જનની પીડ વિરહો જાણે છે" એ રાગે ગવાશે.

જાણી કોપપદે તજી ભજ હરી આનન એનું સખે,
પાપી કામ અહી કદી ડસી જશે ભૂલી જતો જો રખે.

ઇંદ્રવજ્રા.

સાકાર તેનું મુખ ન્યાળીને તું, થાતો રખે મુગ્ધજ માનીલો તું.
ભ્રાંતિ વિષે તું ભૂલીને ભમીશ, આમુખ શું? ભ્રાંતિનું જાણી લઇશ.

તોટક.

કર ચુંબનની અભિલાષ જરી, કયમ રાજી થવું મુખ માંસ ધરી
નહિ ગાલ સુમાણિકય તુલ્ય ગણો ન ગુલાબસમા, વિષ મેં ન ધરો.

મનહર છંદ.

કામરૂપ જ્વર થકી કરમાતો કોઇ જન
સુંદર ભ્રકુટી વાળી સુંદરીના આસ્યને
ધારી ધારી જોતો હોય તૃપ્ત તોય તે ન થાય
સાધી લેશે સેજે તે તો સોંઘા સર્વ દાસ્યને ૧
સુંદર ભ્રકુટી માંહી ભોળવાયો ભોળો જન
પછી બાકી રાખશે ન કાંઇએ કુચાસને
પંજરમાં પુરાયેલો પ્રાણી તેથી ચેતલે છે
દીનબંધુ દેવ તણા દુર્બળ ૨ દાસને.

---

૧ સાકાર=સુંદર મુખ, બીજો અર્થ એવો છે કે, સાથે છે આ એવું મુખ એટલે ભ્રાંતિનું આમુખ (આરંભ) ૨ ચુંબન કરતાં ગાલની માંસ પેશીઓ મુખમાં ધરવી પડે છે તો કયો ધર્મ ભ્રષ્ટ મુખમાં માંસ ધરીને રાજી થશે. ૩ ગાલ લાલ હોય પણ તેનું મૂલ્ય ગુલાબ સમાન પણ ગણુમાં અને એ ઝેરમોંમાં નાખમાં એમ કહેવાની અહીં મતલબ છે. આસ્ય=મોઢું.

દોહરા.

ધર્મ ધન વામાંગીના, વદન વને ન સુહાય
રાગાદિક ચોરો થકી, સઘળું વિત્ત હરાય.
દાડમકળી સમ દાંતને, ગણી રાચે પરમાંહ્ય
નારકી જીવ નરકે પડે, લખ ચોરાશી જાય.

ધન્યાશ્રી.

ચિત અરે હરખાય, કામીનું, ચિત અરે હરખાય. ટેક.
ખરે અહીત તે અધરજ દિસે, પર્વતની ઉપમાય-કામીનું
ભવાટવીના ઘર પર્વતમાં, ગોથાં તે બહુ ખાય-કામીનું
નિર્મળ નેકીની શુભ નાકા, ઝટ ઝટ ભાંગી જાય-કામીનું
અધર લુબ્ધ થનારો ન્યારો, પ્રભુ પદથીજ તજાય-કામીનું

દોહરા.

તરલ રે તરલ કુંડલ, યુગલ શાંતિ દાહક કુંડ;
જાણી દૂર જતો રહે, આત્મા હે મતિ મુંઢ.
એ કુંડલથી એ દશા, શોક કામની જેહ;
વિરહ યોગમાં જાગીને, બચાવ તારો દેહ.

ધન્યાશ્રી.

નથી સાર અહીં કાંઇ, ભવિકજન, નથી સાર અહીં કાંઇ—ટેક
સ્ત્રીનો સારગલ અર્ગલ માનો, મુક્તિ માર્ગ માંહ્ય—ભવિક
સ્ત્રીના સ્તનને કનક કલશની, ઉપમા વ્યર્થ અપાય—ભવિક
સ્તન સ્પર્શથી ધર્મ સ્પર્શના, હાથથી તું તો હણાય—ભવિક
પીનોન્નત સ્તન તટ મૃગાક્ષીનાં, નરહિત અપૂર્વ મનાય—ભવિક
સમજો શાણા સ્તનતટ અસ્તતટ જ્ઞાન તણા એભાઇ

હસ્તદાન દઇને એ સ્તનને, સુકૃત તુંથી ન થાય —ભવિક
કામરૂપી હસ્તિથી ઉતરો, તો ભવપાર જવાય—ભવિક

દ્રુતવિલંબિત વૃત.

ભુજ તરૂણી તણા શુભ ના ગણો, નથી ભુજા પણ એજ ભુજંગ છે.
સરપ સ્પર્શથી ચૈતન્ય નાસતું ત્યમ ભુજા સ્પર્શે શુન્ય સૌ થતું.

નારાચ વૃત.

બહિર પ્રાણને વિનાશકાર સર્પ કંઠમાં
કદી ભલે પડે તથાપિ સ્ત્રી ભુજા પડોજ ના
સર્વ જ્ઞાન ધર્મ ચેતના ભુલાવનાર તે
અહો ન બાહુથી કદીય ચિત્તહાર નારને.

દુમિલા છંદ.

કરકંકણ બંગડી ચુડી કડાં ઘુઘરી વળી વાંક સુવર્ણતણાં,
સજી આંગળીએ વીંટી વેઢ અને ઠમકે પગ ઝાંઝર કાંબી ઘણાં;
ચિતહારક નાર વસે સમીપે તદરૂપ કદાપિ ચિતે ધરશો,
સુખવાંછિત સર્વ વિદાય થશે ભવમાંય પછી ભટકી મરશો.
ભુલવે વળી ભાન હણે મતિને રતિ રંચ ન ઇશ વિષે ધરશો
નીવિ બંધન બંધ કરે ચિતને ભવમાંય પછી ભટકી મરશો.
કંઇ સુંદરી સુંદર ઉદરને નીરખી નર રાસભ ના હરખો
નથી ઉદર ૧ તે ભયથી ભર છે જવર કામ તણી ભૂ પછી પરખો
ધરી નાભિ ચિતે અહિ નાભિસમી લપટયા જનતો રખડી પડશો
ગણશો કદી જો અમીકુપ તમે ભવકુપ વિષે પડીને મરશો.

ઉપેંદ્રવજ્રા.

મૃગાક્ષીની જાંઘ દ્રગે નિહાળી, રખે મનાતો જીવ ભાગ્યશાળી;
જતા રહે હંસજ મેઘ ન્યાળી, જતી, રહેશે સુમતિ તમારી.

હરિગીત.

નુપુર નથી પણ પુર છે રાગાદિ શત્રુનું ખરે,
નુપુર તણા ઝણઝણાટથી ભૂલો રખે જીવ તું પડે.
એ ચરણ ભૂષણ, મરણ દૂષણ માની મિત્ર ન મોહજે
શત્રુ તણા એ પાસમાં ફસતો નહિ દૂર તું જજે.

ઉપજાતિ.

આ તો દિસે શસ્ત્રી સુજાણ જાણ, એતો હણે ધર્મ વીરો મહાન
જીવાડતી કામરૂપી કીડાને મરાવતી મુક્તિ મતિ હીરાને.

દોહરા.

ચિત અવસિત વધુ જોઇને, થા નહિ તું તો લુબ્ધ;
મનમથ રથની ધૂ ગણો, માનો નહિ મેહબુબ.
મનમથ રથ મળ માર્ગમાં, ખેંચે નવઢા નાર;
પડી નરક કીચ કાદવે, હરખે હાય ગમાર.

કવિત.

અનલસદૃષ્ટિ થકી અનિમેષ નિરખતી
નાર ચિતહાર જોઇ રાચતો ગમાર તો
કંચનવરણી કાયા કાંતિએ પ્રકાશમાન
સુંદરી નિહાળી સારી મોહે છે અપાર તો
ચારિત્રને બાળનાર શમતા સંહારનાર
અનલ સમાન માન દૃષ્ટિપાત નારનો
પરનાર ઘરનાર દુખકાર સુખહાર
માની સુખમાં વસે છે ત્યાગી જે સંસારનો.

દ્રુતવિલંબિત.

વિષય ભોગ ગણો વિષ ભોગ આ ધરમ ધ્યાન કરી જીવ શાંત થા.
અમલ વાંછક જીવ જઇશ માં નવીન નાજુક નાર સમીપમાં.

શિખરિણી

સ્મર ક્રીડા કુંજે અધર મધુ પીતા પુરૂષ જે,
વળી જેઓ માને, મુખ કમળ માધુર્ય અતિશે;
ખરે તે પામે છે મધુકર સમું કષ્ટ સઘળે
મરે તે મુંઝાઇ, મધુરફળ માની રસ વિષે.

શાર્દુલ વિક્રીડિત.

ક્યાંથી આ કોકિલનો સ્વર રૂડો આવે અહીં કાનમાં
જાણે અમૃત રેડતો, મુજ તણાં શાં છે રૂડાં ભાગ્ય આ
હા હા આમ્રવને હશે જરૂં તહીં, ભૂલી ગયો ભાનને
ઉઠયો તેહ ઉતાવળો ઉતરતાં ઉડી પડયો આંગણે
માતાં ગીત ધીમા ધીમા સુર થકી તારૂણીએ સાંભળ્યું,
આવ્યો ક્યાંથી અવાજ આ મનુષ્ય કો ભૂમિપરે ઢળી પડયું;
આવી ઉભી રહી જુએ તહીં અરે શુદ્ધિ નકાંયે અરે
મુગ્ધા મુખપરે થઇ પવન ત્યાં વાતાંજ જાગ્યો ખરે.
ધારી આમ્ર રસાલને નિરખતો ડાળો દિસે એ ભલી,
ભૂલ્યો ભાન બધું'ય તે મૃદુ સ્વરે કામી શકયો ના કલી.
આમ્રે આ ફળ બે લચ્યા જો રૂડા એવું બકયો બાવરો
ક્યાંથી સંભવ આંહી આમ્રફળનો કાયે ન તે તો કળ્યો
મુગ્ધા મુખ મરોડીને જતી રહી બેઠો થયો બાવરો
ભાગ્યાં કેડ અને વળી પગ તહીં તેથી ઉઠી ના શકયો
ભાગ્યું તન અને વળી મન બધું માંદો પડી તે મુઓ,
જોઇ આ દ્રષ્ટાંતમાં જીવ ભલા મુક્તિ, મતિ કાં ખુઓ.

તોટક. ×

કુટીલા કચશ્યામ કદી નિરખે, હમકું તદપિ જરી ના હરખે,
ગણું વેણી વિશાળ ભુજંગ સમી, નખરાં નિરખું ન, થઉં અનમી.
નહિ ભાલ વિષે નહિ ચંદ્ર વિષે નહિ ગાલ ગુલાબી વિષે ભ્રૂવિષે
નહિ કંઠ વિષે નહિ હોઠ વિષે, ન કપોત સમી કદી કોટી વિષે
ન ભુજા ન કુચે ઉદરે ત્યમ ના, નહિ નાભિ નહિ નીવિ બંધનમાં
ન નિતંબ વિષે નહિ જાંઘ વિષે, નહિ નુપુરમાં નહિ પાદ વિષે
નહિ નાલમ માણુક કાંતિ વિષે, રસિકા રમણું ગરૂરાગ વિષે
કમલિની મૃગી તનવી તનમાં, નહિ ભામિની માનિની કામિનિમાં
ગજગામિની યામિની યુવતીમાં, ન નવાઢ પ્રગલ્ભ ન પ્રેમદમાં
સરલે તરલે ચપલે અમલે, ન સરોરૂહમાં નહિ ચંદ્રમુખે
અમીદા મધુરી મનહારી વિષે, નહિ હંસની ચાંદની પોયણીએ
ન રમા ન કિશોરી ન કંચનીમાં, પ્રમદે, કુમુદે, નહિ માનદમાં;
ચિત જા નહિ તું કદીએ જરી, વીરચંદન બ્રહ્મ વિષે ભળીએ.

જીવ દયાના સંબંધમાં—કોઇ પણ જીવને નહિ મારવા વિષે, દશરા વગેરે દિવસે પશુ હોમ નહિ કરવા વિષે કુમારપાળ રાજાની આજ્ઞા પ્રમાણે પ્રધાને કાઢેલા હુકમનો જન સમૂહને કૃષ્ણાએ કરેલા બોધનો સાર.

(ઉપજાતિ) કુમારપાળના અમારિ ઘોષણા.

"વધી ગયાં પાપ પ્રચંડ મારે. અમારિ ઘોષા વગડાવ્ય આજે;
પ્રધાન જા સઘ બજાવ્ય સેવા" કુમારપાળે કથિયું કૃપાળે. ૧
"મહીપતિ! શિર ચડાવું આજ્ઞા" પ્રધાન બોલ્યો "કરૂણાળ રાજા!
કરો સદા પાલન જે ઉચારો, થશે સદા પાલન શું? વિચારો" ૨

× ઉપરના દષ્ટાંતથી તથા આખું આ કાવ્ય વાંચી મહાશયો જે પ્રતિજ્ઞા કરે તે આ તોટકમાં જણાવી છે.

× તથાપિ અભ્યુદય ત્યા સુહાતો.

"પ્રધાન! હું જોઇ શકું ન દુઃખો, પશુ બિચારાં ભયત્રસ્તનાં કો"
નડે ન કાંઇ તૃણ માત્ર ખાયે, છતાંય પ્રાણો પશુનાં હણાયે; ૩
રક્ષા કરૂં જો જન જીવની હું, કરૂં ન કાં કે પશુ પક્ષીની શું ?
નડે ન કોને જીવ જે બધાયે, રક્ષાય રાજ્યે નહિ તે હણાયે." ૪
પ્રધાન બોલ્યો મન મોદ ધારી "સ્વીકારૂંછું આપ તણી સુઆજ્ઞા
તથાપિ પૂછું અતિ નમ્રતાથી, ખુની જનોને કરવી શું શિક્ષા" ૫
"પ્રધાન ! તું કાં સમજે ન ધર્મ, દયા અને ન્યાય તણો સુમમ
ચડાઇ કો રાજ કરેજ જ્યારે, કહે શું સામો નહિ થાઉં ત્યારે. ૬
થઇશ સામો રણયુદ્ધમાં હું, લડીશ પ્રાણાંત સુધી ધ્રુમીશ;
તથાપિ થાયે નહિ વ્રત ભંગ, પ્રધાન એ ધર્મ તણો સુમર્મ. ૭
નહિ પડાવી લઉં દેશ કોના, નહિ લડું શાંતિ સુલેહકાળે;
તથાપિ જે કો યુદ્ધને જગાડે, બજાવું હું ભૂપતિ ધર્મ ત્યારે. ૮
કરે ખુનો જે જન આંહી દેશે, થશે સજા ન્યાય પ્રમાણ તેને
પરંતુ મુંગા નિર્દોષ પ્રાણી, હવે હણાયે ન કદીય આંહી. ૯
ખોરાક માટે પશુ જે હણે છે, તે રોગ આગાર ડીલે ચણે છે;
પાશેરનું પેટ ભરાય શું ના, વનસ્પતિથી વદ હે પ્રધાન ! ૧૦
આહાર છે માંસ તણો કનિષ્ટ, સાંધા દુઃખે થાયજ પક્ષ ઘાત
સાત્વિક ને શુદ્ધ નિરોગી ખાણું, વનસ્પતિનું વઇદે વખાણ્યું. ૧૧
વડા તપે થાય પછી શિકારે પડે પતાળે બહુ પાપ ભારે;
પશુ અને પક્ષી વિષેય આત્મા, સમાન છે મંત્રી ! બજાવ્ય આજ્ઞા ૧૨
ગણું હું જીવો સહુ આત્મધારી, મનુષ્ય પક્ષી પશુ ઉપકારી;
પ્રધાનજી ! જાઓ સ્વીકારી આજ્ઞા, અમારિ ઘોષા જલદી વજાડો" ૧૩
"કરો મને માફ મહાન રાજા, રહ્યો મને સંશય એક હાવાં:
કરો દશેરા દિન જેહ હોમ, પશુ બિચારાં બકરાંનું કેમ." ૧૪

"થશે ન કાંતેશ્વરી કાજ હોમો પશુ બિચારાં ભય ત્રસ્તનો તો
ઘણુાય રાજ્ય નથી હોમ થાતો, તથાપિ તેનો દિન ચડિયાતો× ૧૫
થશે હવે હોમ સુરીતિવાળો, હોમીશ તેમાં મનના વિકારો;
અર્પીશ ત્યાં મોહમદાદિ ખામી, રક્ષીશ હું રાજ્ય પ્રજા વિરામે. ૧૬
કર્યા ગુના શું પશુએ અમારા. હણાયજે હોમ વિષે બિચારા;
હતા સહુ કો સમયે પશુડાં, થયા સુપુણ્યેય મનુષ્ય રૂડાં. ૧૭
હવ દયા અંતર માંહિ દાખો, દઇ અભેદાન સુપ્રેમ રાખો;
દિયો બળિદાનજ દુર્ગુણોનાં, કરો કરાવો નિત્ય બોધ એહ. ૧૮
અપાવવું મારી હયાતી માંહે, હવ બળિદાન ન કો જીવોનું;
ફરો ઉલ્લાસે સહુ જીવ હાવાં, ઉભો તમો રક્ષણુ કાજ રાજા. ૧૯
પ્રસારવો સર્વ સ્થળે સુપ્રેમ, પ્રસારજો સર્વ સ્થળેય રે'મ;
થજો સદા સર્વ જીવોનું ક્ષેમ, ચહો સહુ નિત્ય સુપ્રેમ એમ. ૨૦
ગુણાનુરાગી જન સર્વ થાઓ, સહુ પ્રતિ સહુ સમભાવ ભાવો;
મતિ નીતિ સમ્યક આચરીને, દીપાવજો ગુર્જર ભૂમિ પ્રેમે. ૨૧
પ્રધાન હું તો સમજ્યો હવે છું, સુધર્મનો મર્મ દયાર્દ્ર ચિતે;
હજી તને હોયજ કાંઇ શંકા, પૂછી પછી પૂર્ણ બજાવ્ય આજ્ઞા. ૨૨
કૃપાળુ રાજા અધિરાજ આજે, કર્યો મને પૂર્ણ કૃતાર્થ આપે;
કરેલ આજ્ઞા શું વિચારી આપે, હવે બધું તે સમજ્યો ખુલાસે. ૨૩
કૃપાળ આપે વદીયું નૃપાળે, સ્મરીશ તે હું સહુ પૂજ્ય ભાવે;
રહી દૃઢીભુત સુધીર વીરે, પ્રકાશિયું તે સહુ ધારૂં શિરે. ૨૪
હવે કરો કાંઇ ન ઢીલ સુજ્ઞ, અમારિ ઘોષા વગડાવ્ય સદ્ય;
કહી તહેત્તિ સુપ્રધાન ચાલ્યો, સ્વીકારી આજ્ઞા નિજ માર્ગ ઝાલ્યો;૨૫
કૃપાળુને ન્યાયી કુમારપાળ, ગઉ ગિરા માહણ નીતિ પાળ.

+ અધીશ જે દેશ અઢારનો છે.

સહુ જીવોનો શુભ રક્ષપાળ, ચુલુકયનું કુળ ઉજાળવનાર; ૨૬
ચુડામણિ જે નૃપચક્રનો છે, અધિશ જે ગુર્જર ભુમિનો છે; +
સુરાજ રાજેશ્વર ભાગ્યવાન, કરે પ્રજાને પ્રિય ફરમાન. ૨૭
સદાય રક્ષો જન સર્વ પ્રાણી, કરો નહિ કોઇ જીવોની હાણી;
જીવો બધાને પ્રિય સુખશાતા, તમો અમોને સુખ પ્રિય ભ્રાતા. ૨૮
હણો હણાવો નહિ કો જીવોને * લખ્યું પ્રધાને સહુ પત્રમાં એ;
લખ્યા બધે દંડપતિ પ્રતિને દયાતણા હુકમ પ્રેમ ભાવે. ૨૯
અમારિ ઘોષા નગરે વગાડી, દયા જનોના ચિત્તમાં જગાડી;
વસ્યો સહુ ચિત્ત કુમાર પાળ, થયો ચિરંજીવી ભલો નૃપાળ. ૩૦
રહે જહાં સુધી સુરેખ વિદ્યા, રહે રૂડાં રાજ્ય પ્રજા હયાત;
રહે મનુષ્યત્વજ ત્યાં સુધી તો, ચિરંજીવી એજ કુમાર પાળ. ૩૧

ગુરૂ શિષ્યના સંબંધ વિષે વિનયનું અધ્યયન.

દોહરા બાહ્યાંતર સંજોગથી, મુક્ત ભિક્ષુ અણગાર
વિનય પ્રગટ તેનો કરું, સુણો ક્રમે હિતકાર. ૧
ગુરૂની આજ્ઞા પાળતો, રહે ગુરૂની પાસ;
અણુસારે મન ઓળખે, વિનીત શિષ્ય તે ખાસ. ૨
આજ્ઞાને નવ પાળતો, અરિ સમ દુર રેનાર;
અણજાણ તત્વે, ગુરૂતણું કાર્ય નહિ કરનાર. ૩
કોહેલ કાનો કુતરી કાઢે સૌ ઘર બહાર;
તેમ અવિનીત વેરીને, કાઢે સંઘ બહાર. ૪
સુંદર તાંદુલ ત્યાગીને, સુવર વિષ્ટા ખાય;
પશુ તુલ્ય એ મૂરખો, કુશીલી અવિનીત થાય. ૫
શ્વાન સુવર, અવિનીત તણા, દ્રષ્ટાંતો શુણી જોય;

× વળી લખ્યું સર્વ કુમારપાળે, કહેલ સંવાદ વિષે જે;

વિનય વિષે મન સ્થાપતો, આત્માર્થી જે હોય. ૬
વિનય પાળતા વિનયીને, પુત્ર ગણે ગુરૂ ઉર;
એ મોક્ષાર્થી શિષ્યને, કદી કરે નહિ દુર. ૭

શાંત અલ્પભાષી વિનીત, શીખે યુક્તિ અર્થ;
હેય જ્ઞેય ગુરૂ શીખવે, તજવે ગ્રંથ અનર્થ. ૮
શિક્ષાયો કોપે નહિ, રાખે વિનીત ક્ષમાય;
કરે ન સંગત ક્ષુદ્રની, તજતો હાસ્ય ક્રીડાય. ૯
ચંડ ન થા નવ ક્રોધ કર, કે ગુરૂ જુઠ ન ભાખ;

દ્રવ્ય ભાવથી એકલો, કાળે કર અભ્યાસ. ૧૦
કદી ન જુઠું બોલતો, ક્રોધે પણ ન વિનીત;
કર્યું કર્યાને કે ન કે અણ કીધેલ ખચીત. ૧૧
ગળીઆ ઘોડા તુલ્ય તે ચાબક નવ વાંછેય
કુલીન અશ્વ સમ સહજ તે, પ્રમાદને વર્જેય. ૧૨

ઉપજાતિ–ગુરૂ તણા વેણ ન સાંભળે જે, વદે ઉભે વાણી જુઠી વળી તે;
મૃદુ ગુરૂનેય કરેજ ક્રોધી, વના વિનાનો શિષ્ય એ અબોધી. ૧૩
ગુરૂતણું જાણી લીએજ મન, કરે સહુ કાર્યજ શીઘ્ર ધન્ય;
ગુણે કરીને ગુરૂરાજ રાખે, વિનીત તેને સહુ લોક ભાખે. ૧૪
બોલાવ્યે સત બોલતો, બોલે જોતાં વેણ;
ગુરૂ વચન સાંખે, ગણે, વિનય પ્રિય સુખદેણ. ૧૫
દમન યોગ્ય છે આતમા એશક છે દુર્દમ્ય;
આત્માને દમતો સુખી, અત્ર પરત્ર સુગમ્ય. ૧૬
પ્રગટપણે કે મન વિષે, વિનીત ન કરતો રીસ;
કઠણ વચન ગુરૂના છતાં, સરખે હર્ષ શિષ્ય. ૧૭

સાથે આગળ પાછળે, ગુરૂને સ્પર્શી દેહ;
વિનીત ન બેસે, આપતો ઉઠી ઉત્તર એહ. ૧૮
ચરણુ પસારી ન બેસતો, ગુરૂની સમીપે એહ;
સમીપ બાજુ નવ બેસતો વાળી પલોઠી તેહ. ૧૯
બોલાવ્યે અણુબોલતા, માંદો હોયે તોય;
કૃપા પાત્ર મોક્ષારથી, ગુરૂની સમીપે હોય. ૨૦
એક અનેક સમે જતો બોલાવ્યે ગુરૂ પાસ;
આજ્ઞા ધારે ધીર એ, આસનથી ઉઠી ખાસ. ૨૧
આસન સંથારે વસી, પૂછે ન પ્રશ્નો જેહ;
જોડી ઉભયકર ગુરૂ કને, આવી પૂછતો એહ. ૨૨
વિનીત શિષ્યને સૂત્રને, અર્થ તદુભય જેહ;
યથાશ્રુત ગુરૂ શીખવે, આણી અધિકો નેહ. ૨૩
ક્રોધ તજે માયા તજે, તજે જુઠ સંદેહ:
ભાષા નિશ્ચયકારિણી, સાધુ નવ બોલેજ. ૨૪
વિણુ પ્રયોજન અર્થ કે, સાવદ્ય કે' નવ વેણુ;
સ્વપરને અર્થે કદી, મર્મ વચન બોલે ન. ૨૫
કોડ, શુન્ય ઘર, સાંખ્યમાં, રાજમાર્ગ મોઝાર;
નાર એકલી સાથ ત્યાં, બોલે નહિ લગાર. ૨૬
કઠણુ મૃદુ વચને ગુરૂ, આપે જે શિક્ષાય;
હિતકારી જાણી શુણે, માને શુભ સુખદાય. ૨૭
કઠણુ મૃદુ સૌ હિત ગણે અનુશાસને વિબુધ;
દ્વેષ કરે શુણી વચન એ, અવિનીત જેહ અબુધ. ૨૮
કઠણુ વચન ગુરૂ શીખ શુભ ગણુતો હિમતવાન;
ક્ષમા પુનિતતા આપતી, પ્રજ્ઞાદિક પદ સ્થાન.

અવિનીત મુરખો એ વચન, માને અવળા બેશ.
અહિતકારી વચનો ગણી, કરે ગુરૂનો દ્વેષ. ૨૯
નિશ્ચળ આસન બેસતો, ગુરૂથી નીચે જેહ;
કર પદ હાલે ના, ઉઠે વિના પ્રયોજન એહ. ૩૦
કાળે આવે જાય તે ગોચરી કરવા કાજ;
કાળે કાળ સમાચરે અકાળ કરતો ત્યાજ. ૩૧
જમણવારમાં જાય નહિ, ગ્રહે અદુષિત આ'ર;
યોગ્ય સમે આરોગતો, પાળી સુત્રાચાર. ૩૨
માગણ ગૃહી ઘર હોય જો, પેસે નહિ તે વાસ;
ઉભો રહે એ એકલો, ઉભે ન નજરે પાસ. ૩૩
દાતાની પાસે, ઉંચે, નીચે, ઉભે ન દુર;
પ્રાશુક પરકૃત આ'ર તે ગ્રહે સંયતિ શૂર. ૩૪
બીજ પ્રાણી સંવૃત્ત નહી, એવો શુદ્ધ અહાર;
સમ આચારી સાથ તે, જમતો રહી હુશીયાર. ૩૫
સુકન્યાકૃત પાક; વાહા ભોજન ભલું, રૂચીર;
જમતો વદે ન એહવાં, સાવજ વેણ સુધીર. ૩૬
શીખ દેતાં સુશિષ્યને, ગુરૂજી રાજી થાય;
શુભ અશ્વને ખેલવી, જેમ સ્વાર હરખાય.
અળીયા હયને ખેલવી, ખેદીત થાય સવાર;
શીખ દેતાં અવિનીતને, ગુરૂજી થાય ખુવાર. ૩૭
પ્રહાર ગુરૂનો ના સહે, જેથી નીજ હીત ક્ષેમ;
ગુરૂ પાપી છે આકરો, અવિનીત માને એમ. ૩૮
પુત્ર ભાઇ કે જ્ઞાતી સમ, શીક્ષા મુજને દેય;
એમ માનતો વિનીત પણ અવિનીત અવળું લેય. ૩૯

વિનીત શિષ્ય ગુરૂ છિદ્રને, કદી ન જુએ કયાંય;
ગુરૂ આત્મા નવ કોપવે, ઘાતક કદી ન થાય. ૪૦
કોપ સમાવે ગુરૂજીનો, મીઠાં વચને દાંત;
ક્ષમા માગતો વાંકની, જોડી કર બે શાંત. ૪૧
દશ વિધ ધર્માદિ ગ્રહો, પાળે નીજ વ્યવહાર;
થાય ન નિંદા, પાળતો. પાપદલન આચાર. ૪૨
વચન થકી જાણી લીયે ગુરૂનું મન ગત કામ;
તરત કરે કાયા વડે, પુરણુ કામ તમામ. ૪૩
અણપ્રેર્યોને સઘ એ, કરતો ગુરૂનું કામ;
ગુરૂ પ્રશંસા બહુ કરે, થાતાં કામ તમામ. ૪૪
વિનયતણા ગુણ જાણીને, ડાહ્યા વિનયી થાય;
વાધે જશ સુકૃત્યથી, જગ આધાર મનાય. ૪૫
નમન કરી પછી શીખતો, પામી ગુરૂ પ્રસાદ;
મુકિતદાઇ શ્રુત જ્ઞાન તે, વિનીત શિષ્ય આબાદ. ૪૬
સત્શાસ્ત્રો સંદેહ વીણુ, શીખે વિનીતજ શિષ્ય;
ગુરૂ રૂચી સમ પાળે વળી, ધર્મ યતિ દશ વીધ. ૪૭
સમાધીવંત થઇ વળિ, તપ ધુની ઝળકાર;
ગ્રહી, પંચમહાવ્રતને પાળે, રહા હુશીયાર. ૪૮
પુજાય દેવો જન થકી તજે મલીન શરીર;
અલ્પકર્મી મહાદેવ કે, થાયે શાશ્વત સિદ્ધ. ૪૯

આ પુસ્તક સરધાર (તાબે રાજકોટ પરોપકારી શેઠ સાહેબ મુળચંદભાઇ કરસનભાઇને આભારી પ્રકાશકે સવિનય અર્પણ કર્યું

અગાઉનાં ગ્રાહકોનાં નામ (દીવ ઘોઘલા

૧ શેઠ ભગવાનદાસ હરીદાસ ૮ શેઠ માધવજી ભાઈ ૧ શાહ નરોત્તમ લવચંદ ૧ ગાંધી લવચંદ ૧ ૫ શાહ દુલભદાસ મુળચંદ ૮ મેસર્સ મનજી માંડણ હા. વશરામભારથી આણંદભારથી.



અમદાવાદ પાનકોરના નાકે મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપ્યું.